પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૨ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૭-૦૪-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### આધાર કાર્ડ અને ચેક આપો એટલે પેપર મળી જશે

## જુનિયર ક્લાર્કના પેપરલીકના દલાલોએ અનેક લોકોને ફસાવ્યા, ગુજરાત ATSએ યુવતીઓ સહિત ૩૦ પરીક્ષાર્થીઓને ઝડપી પાડ્યા

અમદાવાદ,

ગુજરાતમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારીઓ કરતા લાખો ઉમેદવારોના સપના એક જ રાતમાં રોળાઈ ગયા હતા. પરીક્ષા શરૂ થાય તે પહેલા જ પરીક્ષા રદ કરવામાં આવી કારણ કે, પરીક્ષા પહેલા જ પરીક્ષાના પેપર લોકો વચ્ચે ફરતા થઈ ગયા હતા. એટલે કે એજન્ટોએ લાલચુ પરીક્ષાર્થીઓને પેપર વેચી દીધા હતા. કોઈની પાસેથી ૧૦ લાખ તો કોઈની પાસેથી ૧૫ લાખના ચેક તમામના ઓરિજનલ ડોક્યુમેન્ટ મેળવ્યા બાદ તેમને પેપર આપી દીધા હતા. ગુજરાત સરકારની શાખમાં ડાઘ લગાડતું કામ પેપરલીક કરનારા દલાલોએ કર્યું હતું. જેમાં ખાસ કરીને ગુજરાતના દલાલો અને અન્ય રાજ્યના દલાલોએ ભેગા મળીને અંદાજે ૧૦૦થી વધુ લોકોને પેપર આપી દીધા હતા. હાલ પોલીસના



હાથે યુવતીઓ સહિત કુલ ૩૦ લોકો ઝડપાયા છે. જે પરીક્ષા પહેલા જ તેમના હાથમાં પેપર આવી ગયા હતા. આ તમામે દલાલોને કોરા ચેક આપીને અન્ય ઉમેદવારોના ભાવિ સાથે ચેડાં કર્યા હતા. હાલ તમામની સામે પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતમાં અનેક યુવાનો પોતાની મહેનત અને પરિશ્રમ બાદ સરકારી નોકરી મેળવવા માટે પ્રયાસો કરતા હતા. બધાને એવું હતું કે હવે આપેલી પરીક્ષામાં તેમને તક મળશે અને તેઓ પોતાની મહેતનના આધારે નિશ્ચિત જગ્યાએ નોકરી કરશે. ઘણા સમયથી પરીક્ષાની રાહ જોઈ રહેલા લાખો ઉમેદવારો ગુજરાતની જુનિયર ક્લાર્કની ભરતી માટે અલગ અલગ સેન્ટર પર પહોંચી ગયા હતા પરંતુ પરીક્ષા શરૂ થયા તે પહેલા જ પેપરલીક થયું હોવાના સમાચાર આવતા લાખો લોકોના સપના રોળાઈ ગયા હતા.

આ બધા વચ્ચે પોલીસે અલગ અલગ જગ્યાએથી આરોપીની ધરપકડ કરે છે. ગુજરાતની એટીએસએ બરોડા. ઓડિશા અને અમદાવાદના એજન્ટોની ધરપકડ કરી હતી. અથ્યાર સુધી આ સમગ્ર પેપરલીક કાંડમાં કુલ ૪૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. પરંતુ આ પેપર ખરીદનાર કોણ હતા તેની તપાસ એટીએસ દ્વારા આગળ વધી ત્યારે ખબર પડી કે ગુજરાતની અલગ અલગ જગ્યાએથી લોકોએ ૧૦થી ૧૫ લાખ રૂપિયામાં નક્કી કરીને ચેક આપ્યા હતા. બાદમાં એજન્ટોના સંપર્કમાં આવીને પેપર ખરીદ્યા હતા. આ પેપર આપતા પહેલા પરીક્ષાર્થીઓ પાસેથી

### પરીક્ષા શરૂ થયા તે પહેલા જ પેપરલીક થયું હોવાના સમાચાર આવતા લાખો લોકોના સપના રોળાઈ ગયા હતા

એજન્ટોએ ચેક લીધા હતા. એટલું જ નહીં તેમના ઓરિજનલ ડોક્યુમેન્ટ પણ એજન્ટોએ લઈ લીધા હતા. ત્યારબાદ પેપર આપ્યા હતા. પરંતુ તેઓ પરીક્ષા આપીને પાસ થાય તે પહેલા જ પેપર જ થયું નહીં એટલે કે પરીક્ષા જ થઈ નહીં અને લેભાગુઓનો ભાંડો ફૂટી ગયો હતો.

ગુજરાતી એટીએસના ડીવાયએસપી એસએલ ચૌધરીએ જણાવ્યું હતું કે, આજે ૩૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. જે લોકો એજન્ટો પાસેથી પેપર કરી લીધા હતા. આ પરીક્ષા આપનાર લોકોમાં યુવતીઓ પણ હતી. જેમમે પણ એજન્ટોનો સંપર્ક કર્યો હતો આ તમામની સામે હાલ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે અને આ સમગ્ર પ્રકરણમાં પૂછપરછ પણ કરવામાં આવી રહી છે.

પકડાયેલા ઉમેદવારના નામ ધ્રુવકુમાર ઉમેશભાઈ પટેલ (છોટાઉદેપુર), વિજય ગોવિંદભાઈ રાઠવા (છોટાઉદેપુર), નિમેષ જીતેન્દ્રભાઈ કોલચા (છોટાઉદેપુર), ત્રિકમ રમણભાઈ રાઠવા (છોટાઉદેપુર), સુનિલ પોપટસિંહ યાદવ (છોટાઉદેપુર), હાર્દિક કૃષ્ણકાંત બારીયા (છોટાઉદેપુર), દેવેન્દ્રસજનહ નરશીભાઈ રાઠવા (છોટાઉદેપુર), અરવિંદ વીંછીયાભાઈ ભોહા (દાહોદ), ચેતન ઈશ્વરભાઈ ત્રિવેદી (ગોધરા), ભાવેશ રમેશભાઈ બારીયા (દાહોદ), રાકેશ ગજસિંગભાઈ ડામોર (દાહોદ), લક્ષ્મણ મનસુખભાઈ હઠીલા (દાહોદ), અર્જુનસિંહ ભગતસિંહ ચૌહાણ (મહેસાણા), જયદીપ બાબુભાઈ ચૌધરી (ગાંધીનગર), હરિઓમ મનુભાઈ દેસાઈ (સાબરકાંઠા), વિપુલ કનુભાઈ દેસાઈ (સાબરકાંઠા), સંજય ગોમલાભાઈ સાંગડા (દાહોદ), રોહિત ગુમાનભાઈ વગીલા (દાહોદ), આકાશ અરવિંદભાઈ પટેલ (અરવલ્લી), ઉત્સવ નીતિનભાઈ પટેલ (અરવલ્લી), આકાશ જશુભાઈ પટેલ (અરવલ્લી), સ્મિત સુરેશભાઈ પ્રજાપતિ (ખેડા), જીગર પીઠભાઈ રામ (જૂનાગઢ), નિશા અરવિંદભાઈ પટેલ (મહેસાણા), દીપશિક્ષા પ્રકાશભાઈ પટેલ (અરવલ્લી), નિધિ જનકભાઈ પટેલ (સાબરકાંઠા), મિતલ અરવિંદભાઈ પટેલ (મહીસાગર), લક્ષ્મી બચુભાઈ રાઠોડ (દાહોદ), પ્રિયંકા કૃષ્ણકાંત બારીયા (છોટાઉદેપુર), રીના મોહનસિંહ બારીયા (દાહોદ)નો સમાવેશ થાય છે.

## દેશભરમાં હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી, શોભાયાત્રાઓ નિકળી

નવીદિલ્હી,

ગુજરાત સહિત દેશભરમાં આજે હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.આજે દિવસભર ઠેર ઠેક હનુમાનની શોભાયાત્રા કાઢવામાં આવી હતી.હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા હતાં અને ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના સારંગપુર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપરિવાર હનુમાન દાદાના દર્શન કર્યા હતાં અને સૌથી મોટી હનુમાનની ૫૧ ફુટની મૂર્તિનું અનાવારણ કર્યું હતું. રાજધાની દિલ્હીના કાશ્મીરી ગેટ સ્થિત મારઘાટ હનુમાન મંદિરમાં સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન કરવા પહોંચ્યા હતા. તે જ સમયે, કનોટ પ્લેસના હનુમાન મંદિરના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં ભક્તો ભીડ જોવા મળી હતી અહીં ધાર્મિક કાર્યક્રમોમાં સેંકડો લોકોએ ભાગ લીધો હતો

મધ્યપ્રદેશના જબલપુરમાં હનુમાન જયંતિના અવસર પર પચમથા મંદિરમાં ભગવાન હનુમાનને એક ટન વજનના લાડુ અર્પણ કરવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય રેતી કલાકાર સુદર્શન પટનાયકે ઓડિશાના પુરી બીચ પર ભગવાન હનુમાનનું રેતીનું શિલ્પ બનાવ્યું હતું. બીજી તરફ, રામ નવમી દરમિયાન હિંસાથી પ્રશાસન અને સુરક્ષા એજન્સીઓ સંપૂર્ણ એલર્ટ મોડમાં હતુ અને પશ્ચિમ બંગાળમાં હનુમાન જયંતિ ઉત્સવ પહેલા પોલીસ દ્વારા ફ્લેગ માર્ચનું આયોજન કરાયું હતું

## પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ બદલાવ નહીં, ૧૬ રાજ્યોમાં પેટ્રોલ પ્રતિ લીટર ૧૦૦ રૂપિયાને પાર

નવીદિલ્હી,

આજે એટલે કે ૬ એપ્રિલે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. લગભગ ૧૦ મહિનાથી કિંમતો સ્થિર છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૬.૭૨ રૂપિયા છે, જ્યારે ડીઝલ ૮૯.૬૨ રૂપિયા પ્રતિ લીટરના ભાવે વેચાઈ રહ્યુંછે. દેશના ૧૬ રાજ્યોમાં પેટ્રોલ પ્રતિ લિટર ૧૦૦ રૂપિયાને પાર છે. કાચા તેલની કિંમતોમાં આજે ઘટાડો જોવા મળી રહ્યો છે. બ્રેન્ટ ક્રૂડ પ્રતિ બેરલ ૮૪.૪૩ ડોલર છે.




છેલ્લી વખત મે ૨૦૨૨માં પેટ્રોલ-ડીઝલના ભાવમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ પેટ્રોલ પર ૮ રૂપિયા અને ડીઝલ પર ૬ રૂપિયા પ્રતિ લીટર એક્સાઈઝ ડ્યુટી ઘટાડી હતી. જેના કારણે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં અનુક્રમે ૯.૫ રૂપિયા અને ૭ રૂપિયાનો ઘટાડો થયો હતો. જુલાઈ ૨૦૨૨માં મહારાષ્ટ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પરના વેટમાં ૫ અને ૩ રૂપિયા પ્રતિ લીટરનો ઘટાડો કર્યો હતો.

દેશના ૧૬ રાજ્યોમાં પેટ્રોલ પ્રતિ લિટર ૧૦૦ રૂપિયાને પાર છે. મધ્યપ્રદેશ, આંધ્રપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, મણિપુર, તેલંગાણા, પંજાબ, ઝારખંડ, સિક્કિમ, ઓડિશા, કેરળ, તમિલનાડુ, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ અને રાજસ્થાનના તમામ જિલ્લાઓમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયા સુધી પહોંચી ગયું છે. બીજી તરફ ડીઝલની વાત કરીએ તો ઓડિશા, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં તે ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયું છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓ કિંમતોની સમીક્ષા કર્યા પછી દરરોજ પેટ્રોલ અને ડીઝલના ભાવ નક્કી કરે છે. ઈન્ડિયન ઓઈલ, ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ સવારે ૬ વાગ્યે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ફેરફાર કરે.

## જનતા પર મોંઘવારીનો વધુ એક માર, તેલના ભાવમાં ભડકો, સીંગતેલના ભાવમાં ડબ્બે ૩૦ રૂપિયાનો વધારો



અમદાવાદ,

રાજ્યમાં દરેક ચીજોના ભાવ આસમાને પહોંચ્યા છે. રોજબરોજની ચીજોના ભાવ વધી રહ્યા છે. ત્યારે જનતાને મોંઘવારીનો વધુ એક ડામ આપવામાં આવ્યો છે. સીંગતેલના ભાવમાં ફરી ૩૦ રૂપિયાનો વધારો થયો છે. છેલ્લા ત્રણ દિવસમાં સિંગતેલના ભાવમાં ૯૦ રૂપિયાનો વધારો થયો છે. હાલ સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૯૬૦ રૂપિયા થયો છે. કપાસિયા અને પામોલીન તેલમાં પણ ૧૫ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. જ્યારે સનફ્લાવર તેલના ભાવમાં પણ ૧૦ રૂપિયાનો વધારો થયો છે.

હજુ તો ચાર દિવસ પહેલા જ એટલે કે ૧ એપ્રિલથી અમૂલે દૂધના ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો. અમુલ ગોલ્ડનો ૫૦૦ ગ્રામ જૂનો ભાવ ૩૧ હતો. જ્યારે કે નવો ભાવ ૩૨ રુપિયા કરવામાં આવ્યો છે. અમુલ સ્ટાન્ડર્ડ દૂધ ૫૦૦ મિલીનો જૂનો ભાવ ૨૮ રુપિયા હતો અને હવે નવો ભાવ ૨૯ રૂપિયા છે. અમુલ ટી સ્પેશ્યલની વાત કરીએ તો ૫૦૦ ગ્રામનો જૂનો ભાવ ૨૯ રૂપિયા હતો. જો કે હવે નવો ભાવ ૩૦ રૂપિયા થઈ ગયો છે.

આ તરફ સુરતની સુમુલ ડેરી દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ. ૨નો વધારો કરવામાં આવ્યો છે. અમુલ બ્રાન્ડના ગોલ્ડ, તાજા, શક્તિ તથા ગાયના દૂધના ૫૦૦ એમએલના પાઉચના ભાવમાં રૂ.૧ નો વધારો થયો છે. તો ૨૫૦ એમએલની દૂધની થેલી તથા ૫૦૦ એમએલ છાશનો ભાવ યથાવત છે. ૬ લિટરની છાશની થેલીના ભાવમાં રૂ.૬નો વધારો થયો છે.

## ઉત્તરકાશીમાં ભૂકંપના જોરદાર આંચકા, રિક્ટર સ્કેલ પર ૫.૪ની તીવ્રતા

દહેરાદુન,

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગુરુવારે સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. મળતી માહિતી મુજબ રિકટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૫.૪ નોંધાઈ હતી. હાલમાં કોઈ જાનહાની કે જાનમાલના નુકસાનની કોઈ માહિતી નથી, પરંતુ ભૂકંપના જોરદાર આંચકાને કારણે લોકો ભયભીત થઈ ગયા હતા અને ઘરની બહાર નીકળી ગયા હતા.

ઉત્તરકાશી, પિથોરાગઢ, ચમોલી અને બાગેશ્વર એ ઉત્તરાખંડના જિલ્લા છે જ્યાં વારંવાર ભૂકંપ આવે છે. છેલ્લા ૧ વર્ષમાં ઉત્તરકાશી જિલ્લામાં લોકોએ ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવ્યા છે.

આ પહેલા ૨૧ માર્ચે રાજ્યના ચમોલી, દેહરાદૂન, મસૂરી, ઉત્તરકાશી, રૂરકી, ચમોલી અને હરિદ્વારમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. ઉત્તરાખંડના લોકોએ અનેક વખત ભૂકંપના કારણે તબાહીનો સામનો કરવો પડ્યો છે. આ તબાહીમાં અનેક લોકો બેઘર બન્યા હતા.

ભારતમાં એવા ઘણા રાજ્યો છે જે ભૂકંપની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે. ઉત્તરાખંડ પણ તેમાંથી એક છે. ઉત્તરાખંડમાં વારંવાર ભૂકંપના આંચકા આવતા રહે છે. ઉત્તરાખંડ રાજ્ય સિસ્મેક ઝોન પાંચની શ્રેણીમાં આવે છે. રાજ્યના ઉત્તરકાશી, રુદ્રપ્રયાગ, કપકોટ, ચમોલી અને કુમાઉના મુનશિયારી વિસ્તારો ભૂકંપની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ છે. આ તમામ વિસ્તારોમાં ઉત્તરકાશીને ભૂકંપની દૃષ્ટિએ સૌથી સંવેદનશીલ વિસ્તાર માનવામાં આવે છે.

એ યાદ રહે કે ગઈકાલ બુધવારે, અમરેલીના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.અમરેલી સાવરકુંડલાના મીતીયાળા તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ફરી ભૂકંપના આચકા અનુભવાયા હતા. જેમાં સાવરકુંડલાના મીતીયાળા, સાકરપરા, ધજડી અને ખાંભા ગીર વિસ્તારનાં નાની ધારી, વાંકીયા, ભાડ, નાના વિસાવદર, ઈંગોરાળા ગામમાં આંચકા અનુભવાયા હતા. ૨.૪ ની તીવ્રતાનો આવ્યો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. જ્યારે ભૂકંપનું કેન્દ્ર બિંદુ મીતીયાળાથી ૬ કિલોમીટર દૂર નોંધાયું હતું.

## મુંબઈમાં કોકેઈનની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ, ૨૦ કરોડનું ડ્રગ્સ મળ્યું

મુંબઈ,

મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાંથી કોકેઈનની દાણચોરી કરતી આંતરરાષ્ટ્રીય ગેંગનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સે મુંબઈ એરપોર્ટ પર કરવામાં આવેલી કાર્યવાહીમાં લગભગ ૧૯૭૦ ગ્રામ કોકેઈન જપ્ત કર્યુ હતુ. આંતરરાષ્ટ્રીય બજારમાં આટલા જથ્થાની બજાર કિંમત આશરે ૨૦ કરોડ રૂપિયા છે. આ મામલામાં એક આફ્રિકન વ્યક્તિ સહિત કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ડીઆરઆઈ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, ૩૫ વર્ષીય આરોપી અદીસ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો હતો. આ આરોપી તેની બેગમાં ૧૯૭૦ ગ્રામ કોકેઈન છુપાવીને લાવ્યો હતો. ડીઆરઆઈ અધિકારીઓને આ મુસાફર પર શંકા



હતી. આ પછી, તેના પર નજર રાખવામાં આવી અને સંપૂર્ણ પ્લાનિંગ સાથે તેને પકડીને ધરપકડ કરવામાં આવી. સંબંધિત આરોપી મુંબઈ એરપોર્ટ પર તેના સાથીદારને આ કોકેઈન આપવાનો હતો. આરોપી તેના સહયોગીની મદદથી તેના ડ્રગના કન્સાઈનમેન્ટને મુંબઈથી દેશના અન્ય ભાગોમાં ફેલાયેલા નેટવર્કમાં પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. પરંતુ યોજના સફળ થાય તે પહેલા જ ડીઆરઆઈના અધિકારીઓની કાર્યવાહીથી તેનો પર્દાફાશ થયો હતો અને ડ્રગ્સનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ઈનપુટ મળ્યા બાદ ડીઆરઆઈના અધિકારીઓએ છટકું ગોઠવીને કુલ ત્રણ આરોપીઓને પકડ્યા હતા. આ આરોપીઓમાંથી એક આફ્રિકન નાગરિક છે. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે અને તે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. વિગતવાર સમાચાર એવા છે કે ૩૫ વર્ષીય આરોપી અદીસ અબાબાથી મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યો હતો. તેની પાસે ડ્રગ્સનું મોટું કન્સાઈનમેન્ટ છે, ડીઆરઆઈના અધિકારીઓને તેના ઈનપુટ મળ્યા હતા. અધિકારીઓ તેના પર નજર રાખવા લાગ્યા. શંકાના આધારે જ્યારે મુંબઈ એરપોર્ટ પર તેની તલાશી લેવામાં આવી ત્યારે તેની પાસેથી ૧૯૭૦ ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું. તેની બજાર કિંમત ૨૦ કરોડ રૂપિયાની નજીક છે. તે ડ્રગ્સના આ કન્સાઈનમેન્ટને મુંબઈમાં તેના સાથીદારને પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ કાર્યવાહીમાં કુલ ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી છે. તેમાંથી એક આફ્રિકન નેશનલ છે.

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

આવકાર સખી મંડળ

તરફથી અભીનંદન....

મુ. મલેકપુર, તા. લીમખેડા, જી. દાહોદ

અભીનંદન....

પંચમહાલ સમાચાર દૈનિક

૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં

દેસીંગભાઈ મલાભાઈ ડામોર

તરફથી અભીનંદન....

મુ. ઝારોલા(ફુ), તા. લીમખેડા, જી. દાહોદ

## આગ ઝરતી ગરમી સહન કરવા રહેજો તૈયાર ! આજથી તાપમાનમાં ૩ થી ૪ ડિગ્રીનો થશે વધારો

અમદાવાદ,

છેલ્લા કેટલાય દિવસથી ગુજરાતમાં સતત કમોસમી વરસાદ વરસી રહ્યો છે. જો કે ગુજરાતમાં કમોસમી વરસાદથી હવે આંશિક રાહત મળશે. આવતીકાલથી કમોસમી વરસાદની સંભાવના નહીવત્ છે. સાયક્લોનિક સિર્ક્યુલેશન સાઉથ રાજસ્થાન તરફ જતા હવે કમોસમી વરસાદની શક્યતા નહીવત રહેશે. જોકે આજે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે.

આખા માર્ચ મહિના દરમિયાન ગુજરાતમાં સતત કમોસમી વરસાદ વરસતો રહ્યો છે. એપ્રિલ મહિનાની શરુઆતમાં પણ થોડા દિવસ લોકોએ કમોસમી વરસાદનો માર સહન કરવો પડ્યો છે. જો કે હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી દિવસમાં ગુજરાતમાં કમોસમી વરસાદની શક્યતા નહીંવત છે.

આજે સૌરાષ્ટ્રમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. પોરબંદર, રાજકોટ અને દ્વારકામાં આજે વરસાદની શક્યતા છે. આવતીકાલથી તાપમાનનો પારો ઉંચો જવાની શરૂઆત થશે. મોટાભાગના શહેરોમાં તાપમાન ૩ થી ૪ ડિગ્રી વધશે. આગામી દિવસોમાં તાપમાન ૪૦ ડિગ્રી સુધી પોહચવાની સંભાવના છે. અમદાવાદ અને ગાંધીનગરમાં ગરમીનો પ્રકોપ જોવા મળશે. મહત્વનું છે કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને લો પ્રેશરને પગલે છેલ્લા કેટલાય દિવસથી ગુજરાતમાં કમોસમી વરસાદે કહેર વર્તાવ્યો હતો. વરસાદના કારણે ખેડૂતોનો મહામુલો પાક બરબાદ થઈ ગયો હતો. કમોસમી વરસાદના કારણે ઘઉં, લસણ અને ડુંગળીના પાકને નુકસાન થયુ છે.

નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને લપસર વિભાગ (ગુજરાત સરકાર)

જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૨-૨૩ (ઈન્ટેન્ડરીંગ)

(ટૂંકી મુદ્દતની નિવિદા)

(સુધારો ૦૧)

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, લુણાવાડા, તા.લુણાવાડા જી.મહીસાગર પિન.૩૮૯૨૩૦ (ફોન. નં. ૦૨૬૭૪-૨૫૧૬૨૩)ની કચેરીએથી ગ્રામ્ય તળાવના વેસ્ટ વિયર રિપેરિંગના કામોની સંખ્યા-૧, રકમ રૂા.૧૫.૬૩ લાખમાં ફોર્મ બી-૧ પદ્ધતીથી જાહેર બાંધકામ વિભાગ હેઠળ માન્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા તથા સદર કામનો અનુભવ ધરાવતા સક્ષમ કક્ષાના અને તેની ઉપરની કક્ષાના ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરવેબસાઈટ પરથી ઓનલાઈન ડાઉનલોડીંગ કરવાની તા.૦૬/૦૪/૨૦૨૩થી ૧૧.૦૦ કલાકથી ટેન્ડર ઓનલાઈન સમિશન કરવાની છેલ્લી તા.૧૩/૦૪/૨૦૨૩ના ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડરમા જણાવેલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાની છેલ્લી તા.૧૭/૦૪/૨૦૨૩ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર ખોલવાની તા.૧૮/૦૪/૨૦૨૩ના ૧૨.૩૦ કલાક. સદર ટેન્ડર કોઈ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉક્ત કામોની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com જોઈ શકાશે.

માહિતી/ગોધરા/૨૧/૨૦૨૩

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહિસાગર જીલ્લામાં કુલ-પર પરીક્ષા કેન્દ્રો ઉપર કુલ-૨૦૧૩૦ ઉમેદવારો જુનિયર કલાર્ક સંવર્ગની પરીક્ષા આપશે

મહિસાગર, આગામી તા.૦૯/૦૪/૨૦૨૩ ના રોજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાનાર છે, જેમાં માહિસાગર જીલ્લામાં કુલ–પર પરીક્ષા કેન્દ્રો ઉપર કુલ–૨૦૧૩૦ ઉમેદવારોની બેઠક વ્યવસ્થા કરવામાં આવેલ છે. સદર પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તેની પુરતી તકેદારી રાખવામાં આવેલ છે, જેમાં ખાસ કરીને દરેક પરીક્ષા કેન્દ્રો ખાતે વર્ગખંડ, લોબી, સ્ટાફરૂમ, મુખ્યરૂમ વગેરે જગ્યાએ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવેલ છે, તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે બોર્ડ પ્રતિનિધિ તથા સીસીટીવી ઓબ્ઝર્વરની નિમણુક કરવામાં આવેલ છે. જીલ્લામાં કુલ–૧૬ ફલાઈંગ સ્કવોડની પણ રચના કરવામાં આવેલ છે. આમ, મહિસાગર વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાની સલામતી માટેની પુરતી વ્યવસ્થા કરવામાં આવેલ છે.

પરીક્ષાનું સંચાલન સફળતા પૂર્વક થાય, અસામાજિક તત્વોના ભય વગર ખંડ નિરીક્ષકો નિરીક્ષણ કાર્ય કરી શકે તથા પરીક્ષાર્થીઓ શાંતિમય અને સૌહાદપૂર્ણ વાતાવરણમાં નિર્ભયતા પૂર્વક તથા ગેરરીતી કરવાના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે પરીક્ષા કેન્દ્રો ખાતેના સ્થળોને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા તથા પરીક્ષા શાંતિથી અને નિર્વિને પાર પડે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પરીક્ષા કેન્દ્રની આસપાસ CRPC એક્ટની કલમ–૧૪૪ અન્વયે જરૂરી જાહેરનામાં તા.૩૧/૦૩/૨૦૨૩ના રોજ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, જિ.મહીસાગર દવારા બહાર પાડવામાં આવેલ છે.

પરીક્ષાઓમાં થતી ગેરરીતી અટકાવવા માટે ગુજરાત સરકાર દવારા નવીન કાયદો બનાવવામાં આવેલ છે. જે કાયદામાં સજા તથા દંડની સખ્ત જોગવાઈઓ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે ઓછામાં ઓછી ત્રણ વર્ષથી દસ વર્ષ સુધીની કેદ તથા એક લાખથી એક કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

જુનિયર કલાર્કની પરીક્ષામાં ઉમેદવારોને કોઈપણ પ્રકારની મુશ્કેલી જણાય તો તેઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી અત્રે જીલ્લા કક્ષાએ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. જે કંટ્રોલ રૂમનો નંબર ૦૨૬૭૪–૨૫૦૫૬૬ છે. જે તા.૦૯/૦૪/૨૦૨૩ના રોજ સાંજે ૦૬:૦૦ કલાક સુધી કાર્યરત રહેશે.

જુનિયર કલાર્કની પરીક્ષા નિર્વિઘ્ને અને સફળતાપૂર્વક પૂર્ણ થાય તે માટે રાજ્ય સરકાર અને જીલ્લા વહીવટી તંત્ર કટિબદ્ધ છે. જેથી ઉમેદવારોને કોઈપણ પ્રકારના ભય કે પ્રલોભન વિના પરીક્ષા આપવા માટે આહ્વાન કરવામાં આવે છે અને પરીક્ષા માટે ખુબ–ખુબ શુભેચ્છાઓ પાઠવતા જીલ્લા વિકાસ અધિકારી મહીસાગર, લુણાવાડાની એક અખબારી યાદીમાં જણાવાયું છે.

## મહિસાગર જીલ્લાના પરિક્ષા કેન્દ્ર ખાતે સમયસર પરીક્ષાર્થીઓ પહોચી શકે તે માટે એસટી નિગમ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે

મહિસાગર, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જુનિયર કલાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૦૯/૦૪/૨૦૨૩ ના રોજ યોજાનાર છે. ત્યારે પરિક્ષાર્થિઓ પરિક્ષા કેન્દ્ર ખાતે સમયસર પહોચી શકે તે માટે મહીસાગર જીલ્લાના તમામ ડેપો ખાતે થી પરીક્ષાર્થીઓને પરિક્ષા કેન્દ્ર ખાતે પહોચવા માટે તેમજ નજીકના ડેપો ખાતે પરત મુકવા જવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ છે અને પરીક્ષાર્થીઓની સુવિધા માટે તા. ૦૮/૦૪/૨૦૨૩ થી તા.૦૯/૦૪/૨૦૨૩ ના ૧૭.૦૦ કલાક સુધી કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવેલ છે અને કંટ્રોલ રૂમનો ફોન નં. ૦૨૬૭૪ ૨૫૦૦૦૧ છે. જેની પરીક્ષાર્થિઓએ લાભ લેવા ડેપો મેનેજર લુણાવાડાની અખબારી યાદી માં જણાવાયું છે.

## કોમન સર્વિસ સેન્ટર મહીસાગર દ્વારા PAC'S સહકારી મંડળીને CSC સેન્ટર તરીકે રજિસ્ટર કરવા માટે વર્કશોપ સરદાર સહકારી ક્રેડિટ સોસાયટીમાં યોજાયો



લુણાવાડા, આજે લુણાવાડા તાલુકાના PAK'S મંડળીના ચેરમેન અને મંત્રીનો વર્કશોપ સરદાર ક્રેડિટ સહકારી બેંક લુણાવાડા ખાતે રાખવામાં આવ્યો. પંચમહાલ district કો.ઓપ્રેટિવ બેંક થી DGM રમેશભાઈ એમ. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર માંથી રાવલ, નાબાર્ડ થી DDM રાજેશ ભોંસલે, અધિકારી હાજર રહ્યા હતા.

જેમાં ૫૦ જેટલી મંડળીઓના ચેરમેન હાજર રહ્યા હતા. આ વર્કશોપમાં સી.એસ.સી. જિલ્લા મેનેજર ફેસલ ખતુડા અને સાગર સોની તેમજ અબ્દુલભાઈ શેખ દ્વારા મંડળી ઉપરથી ગામના લોકોને પાનકાર્ડ, આધાર કાર્ડ, પાસપોર્ટ સેવા, રેલવે ટિકિટ બુકિંગ, એગ્રીકલચર સર્વિસ –બિયારણ વગેરે જેવી ઘણી બધી ઓનલાઇન સર્વિસ મળી રહે તે માટેની સી.એસ.સી.ની તમામ સર્વિસ વિશે માહીતી આપવામાં આવી.

## મહીસાગર જિલ્લાના વીરપુરના સમસ્ત ક્ષત્રિય સમાજ દ્વારા સન્માન સમારોહ યોજાયો



લુણાવાડા, ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત વિરપુર તાલુકાના સાલૈયા ગામની શ્રી એમ.વી.પટેલ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી દીકરી ઠાકોર નિશાબેન વિરેન્દ્રસિંહ મહીસાગર જિલ્લામા પ્રથમ સ્થાને આવતા શાળા ગામ અને તાલુકાનું ગૌરવ વધાર્યું છે. ત્યારે ધોરણ–૬ માં અભ્યાસ કરતી ઠાકોર નિશાબેન વિરેન્દ્રસિંહ જેઓ ''પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (PSE) ૨૦૨૨''માં ૨૦૦ ગુણ માંથી ૧૭૯ ગુણ મેળવી સમગ્ર મહિસાગર જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી, સમાજનું જ નહિ પરંતુ મહીસાગર જિલ્લાનું નામ રોશન કરતાં જમઝર અન્નક્ષેત્ર સેવા સમિતિ દ્વારા સમસ્ત ક્ષત્રિય સમાજના અગ્રણીઓ તેમજ સ્થાનિક ગામ આગેવાનો હાજર રહી અન્ય વિદ્યાર્થીઓને જોમ અને હૂંફ મળે અને વધુ શિક્ષણમો પ્રગતિ કરે તેવી માં સરસ્વતીને પ્રાર્થના કરવામો આવી તેમજ દીકરીએ પરિવારના મોભી દાદાના આશીર્વાદ લીધા તે અનેરી પળના આનંદ સાથે દાદા ભાવુક થતા દરેકની છાતી ગદ્દગદ્દ ફુલે તેવી સોનેરી પળ નિહાળતા દરેક હાજર વાલીઓ દંગ રહી ગયા, તેમજ ભેટ સોગાદરૂપે નોટબુક કીટ આપી અને પુષ્પ ગુચ્છથી સન્માનિત કરી સમગ્ર શાળાના આચાર્ય અને શિક્ષકગણ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## લુણાવાડા તાલુકા મંડળની બુથ શસક્તિકરણ અંતર્ગત બેઠક ગોસાઈ સમાજની વાડી ખાતે યોજાયો



લુણાવાડા, જેમાં મહીસાગર જીલ્લા બુથ શસક્તિકરણના જિલ્લા પ્રભારી મહેશભાઈ પટેલની અદયક્ષતામાં કામગીરી કરવામાં આવી. આ પ્રસંગે જિલ્લા મહામંત્રી પ્રદિપસિંહ રાઠોડે માર્ગદર્શન આપ્યું. ભાજપા પાટી સ્થાપના દિવસ અંગે વિસ્તૃતમાહીતી જિલ્લા ઉપાધયક્ષ જેઠાભાઈ વણકરે આપી. આ કાર્યક્રમમાં લુણાવાડા તાલુકા મંડળ પ્રમુખ કાનજીભાઈ પગી, મહામંત્રી અરવિંદ પટેલ, જિલ્લા મંત્રી રાજુ જોષી, સી.એન.બારીયા, પૂર્વ મહામંત્રી મુળજીભાઈ રાણા, એકટીવ કાર્યકર અજયસિંહ ચૌહાણ, યુવા મોરચાના મહામંત્રી જયદેવસિંહ સોલંકી, પડીસીના ડીરેક્ટર અમિતભાઈ પટેલ, જિલ્લાના અને તાલુકાના હોદ્દેદારો, બુથ પ્રમુખ તાલુકાના સદસ્યો સહીત કાર્યકરો હાજર રહ્યા.



કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ નવનિયુક્ત જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમને ગત રોજ જીલ્લા સેવા સદન ખાતેની મુલાકાતમાં શુભેચ્છા પાઠવીને સ્વાગત કર્યું હતું. આ વેળા કલેક્ટરએ ડીડીઓને સ્માર્ટ સિટી દાહોદનો મોમેંટો ભેંટ આપ્યો હતો. જીલ્લા વિકાસ અધિકારીએ ગત તા. ૩ એપ્રિલે પદભાર સંભાળી લીધો છે. આ અગાઉ તેઓ ગુજરાત અર્બન મિશન લાઈવલીહૂડ ગાંધીનગર ખાતે મિશન ડાયરેક્ટર તરીકે કાર્યરત હતા.

## દાહોદ મોટી ખરજ ગામે મહિલા બુટલેગર્સના ઘર અને બાઈક ઉપરથી ૭૮ હજારનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ, દાહોદ એલસીબી પોલીસે દાહોદ તાલુકાના મોટી ખરજ ગામે પટેલ ફળિયામાં રહેતી એક મહિલા બુટલેગરના ઘરમાંથી તથા ઘરની બહાર બે મોટર સાયકલ ઉફર મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/–ની કુલ કિંમતની વિદેશી દારૂની ૨૫ પેટીઓ ઝડપી પાડી એક મોટર સાયકલ સાથે કબજે લઈ મહિલા બુટલેગરની અટક કર્યાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગત અનુસાર પ્રોહી અંગેની મળેલ બાતમીના આધારે દાહોદ એલસીબી પોલીસે મોટી ખરજ ગામે પટેલ ફવિયામાં રહેતી મહિલા બુટલેગર શારદાબેન દેવાભાઈ હુમલાભાઈ ખપેડના રહેણાંક મકાન પર ઓચિંતો છાપો માર્યો હતો. તે વખતે બે મોટર સાયકલો પૈકી એક મોટર સાયકલ ચાલક પોતાની મોટીર સાયકલ પર લાદેલ દારૂના જથ્થા સાથે મોટર સાયકલ લઈ નાસી ગયો હતો. જ્યારે અન્ટ એક મોટર સાયકલ સ્થળ પર છોડી નાસી ગયો હતો પોલીસે સ્થળ પરથી એક મોટર સાયકલની સાથે સાથે તથા મહિલા બુટલેગર શારદાબેન દેવાભાઈ હુમલાભાઈ ખપેડના ઘરમાંથી મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/–ની કુલ કિંમતના વિદેશી દારૂની ૨૫ જેટલી પેટીઓમાં ભરેલ કુલ બોટલ નંગ–૬૦૦ પકડી પાડી કબજે લઈ દાહોદ તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા તાલુકા પોલીસે આ સંદર્ભે મોટી ખરજ ગામની શારદાબેન દેવાભાઈ હુમલાભાઈ ખપેડ, રાહુલભાઈ રતનાભાઈ પલાસ, અલ્પેશભાઈ દેવાભાઈ ખપેડ, મદયપ્રદેશના પિટોલના નરેશભાઈ હુમાભાઈ મછાર તથા અન્ય એક મોટર સાયકલ ચાલક મળી કુલ છ જણા વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના જેસાવાડા સોની બજારમાં સોની દુકાને બાપ-દિકરાએ ગરીવે મુકેલ દાગીના માટે મારામારી કરી મારી નાખવાની ધમકી આપી

દાહોદ, દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ગામના બજારમાં સોનીની દુકાને આવેલા ત્રણે બાપ–દિકરાઓએ ગીરવે મુકેલા દાગીના કેમ આપતાં નથી, તેમ કહી સોનીને ગડદાપાટુનો મારમારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધાકધમકીઓ આપ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ તાલુકાના ચાંદાવાડા ગામના પંકજભાઈ કનુભાઈ સોલંકી તથા તેમના બે દિકરા નીતેશભાઈ પંકજભાઈ સોલંકી તેમજ જયકુમાર પંકજભાઈ સોલંકી અમે ત્રણે બાપ–દિકરા ભેગા મળી ગત તા. ૨૮–૩–૨૦૨૩ના રોજ સાંજના સાડા છ વાગ્યાના સુમારે જેસાવાડા મેઈન બજારમાં રહેતા ૪૨ વર્ષીય સંગીતાબેન સંદીપભાઈ કનુભાઈ સોનીની જેસાવાડા મેઈન બજારમાં આવેલ દુકાને ગયા હતા અને સંગીતાબેન સોની તથા તેમના પતિ સંદીપભાઈ કનુભાઈ સોનીને બેફામ ગાળો આપી તમો અમારા ગીરવે મૂકેલ દાગીના કેમ આપતાં નથી ? તેમ કહી ગડદાપાટુનો મારમારી તથા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી.

આ સંબંધે જેસાવાડા મેઈન બજારમાં રહેતા ઈજાગ્રસ્ત સંગીતાબેન સંદીપભાઈ કનુભાઈ સોનીએ નોંધાવેલ ફરિયાદને આધારે ચંદવાણા ગામના પંકજભાઈ કનુભાઈ સોલંકી, નીતેશભાઈ પંકજભાઈ સોની તથા જયકુમાર પંકજભાઈ સોલંકી વિરૂદ્ધ મારામારીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## આસપુર પ્રાથમિક શાળામાં તિથીભોજન કાર્યક્રમ યોજાયો



દાહોદ, ફતેપુરા તાલુકાના આસપૂર ગામે આસપુર પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષિકા પ્રિયંકાબેન ઉપાદયાય પોતાના પુત્ર જ્ઞાનના જન્મ દિવસ નિમિતે શાળાના બાળકોને તીથીભોજન કરાવ્યું હતું તથા તમામ બાળકોને પેન્સીલ અને બોલપેનની ભેટ આપવામાં આવી હતી. શાળાના બાળકોએ તથા શાળાના સ્ટાફે જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભાજપનો ૪૪મો સ્થાપના દિવસ

## ભાજપ હનુમાનજીના 'કેન ડૂ' એટિટ્યૂટની જેમ કામ કરે છે, બધાની મદદ કરે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



નવીદિલ્હી, આજે ભાજપના ૪૪માં સ્થાપના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યકર્તાઓને સંબોધિત કર્યા હતા. તેમણે કહ્યું, 'હું એવા મહાન લોકોના કાર્યકરો અને નેતાઓને નમન કરું છું જેમણે આજ સુધી પાર્ટીને પોષણ આપ્યું, સમૃદ્ધ કર્યું અને સશક્ત કર્યું.' ભાજપની રચના ૪૩ વર્ષ પહેલાં ૬ એપ્રિલ ૧૯૮૦ના રોજ થઈ હતી. તેમણે કહ્યું, 'આજે આપણે દેશના ખૂણે ખૂણે ભગવાન હનુમાનજીની જન્મજયંતીની ઉજવણી કરી રહ્યા છીએ. બજરંગબલીના નામનો પોકાર સર્વત્ર ગુંજી રહ્યો છે. હનુમાનજીનું જીવન અને ઘટનાઓ આજે પણ ભારતના વિકાસની યાત્રામાં આપણને પ્રેરણા આપે છે. મહાન શક્તિના આશીર્વાદ આપણી સફળતાઓમાં પ્રતિબિંબિત થાય છે.'

ભારતે બજરંગબલી જેવી સુષુપ્ત શક્તિઓને અનુભવી છે : 'હનુમાનજીમાં અસીમ શક્તિ છે, તેઓ એ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની આત્મશંકા સમાપ્ત થઈ જાય. ૨૦૧૪ પહેલાં ભારતમાં પણ આવી જ સ્થિતિ હતી. ભારતને હવે બજરંગબલી જેવી પોતાની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓનો અહેસાસ થયો છે. ભાજપના કાર્યકરો અને પાર્ટી હનુમાનજીના આવા ગુણોમાંથી પ્રેરણા લે છે.

ભાજપ હનુમાનજીની જેમ કામ કરે છે: 'હનુમાનજી બધું જ કરી શકે છે, દરેક માટે કરે છે, પરંતુ પોતાના માટે કંઈ કરતા નથી. આ ભાજપની પ્રેરણા છે. જ્યારે હનુમાનજીને રાક્ષસોનો સામનો કરવો પડ્યો ત્યારે તેઓ કઠોર બની ગયા. જ્યારે ભ્રષ્ટાચાર, પરિવારવાદ, કાયદો અને વ્યવસ્થાની વાત આવે છે, ત્યારે ભાજપ મા ભારતીને મુક્ત કરવા માટે સમાન રીતે સંકલ્પબદ્ધ બને છે.

ભાજપ પણ 'કેન ડુ' એટિટ્યુડ જેવો પ્રયાસ કરે છે: જો આપણે હનુમાનજીના સમગ્ર જીવન પર નજર કરીએ તો, દરેક પ્રકારની સફળતામાં તેમની અંદર કેન ડુ વલણ અને નિશ્ચય શક્તિનો મોટો ભાગ છે. દુનિયામાં કયું કામ મુશ્કેલ છે, જે તમારાથી થતું નથી. એવું કોઈ કામ નથી જે હનુમાન ન કરી શકે. લક્ષ્મણ જ્યારે મુશ્કેલીમાં હતા ત્યારે હનુમાન સંજીવની પર્વત લઈને આવ્યા હતા. જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે ભાજપ પણ આવા પ્રયાસો કરતું આવ્યું છે, કરતો રહેશે. રામ કાજ કિન્હે બિનુ મોહી, કહાં વિશ્રામ.

વડાપ્રધાને કહ્યું હતું કે ઘણા લોકો ભાજપનું કામ પચાવી શક્યા નથી: 'જ્યારે તેઓ અમારી મજાક ઉડાવીને સફળ ન થયા ત્યારે સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા લોકોમાં નફરત વધી ગઈ. દાયકાઓથી હિંસાનો સામનો કરી રહેલા કાશ્મીર અને નોર્થ ઈસ્ટમાં શાંતિનો સૂરજ ઊગશે એવું તેણે વિચાર્યું ન હતું. તેમણે કલ્પના પણ નહોતી કરી કે કલમ ૩૭૦ ઈતિહાસ બની જશે. જે કામો દાયકાઓથી થયાં ન હતાં, તે ભાજપ કેવી રીતે કરી રહી છે, તે પચતું નથી.તેમણે કહ્યું કે હેબતાઈ ગયેલા લોકો કહી રહ્યા છે- મોદીની કબર ખોદાશેઃ 'નફરતથી ભરેલા આ લોકો જૂઠું બોલી રહ્યા છે. તેમનાં ભ્રષ્ટ કાર્યોને ખુલ્લાં જોઈને તેઓ બેચેન અને નિરાશાથી ભરાઈ જાય છે. તેથી તેઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે મોદીની કબર ખોદાશે. તેઓ કબરો ખોદવાની ધમકી આપી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા આ લોકો અને પક્ષો એક વાત જાણતા નથી. આજે દેશના ગરીબો, સામાન્ય માણસો, યુવાનો, માતાઓ-બહેનો, શોષિત-વંચિતો દરેક ભાજપના કમળને બચાવવા ઢાલ બનીને ઊભા છે. પરંતુ અમારો ભાર વિકાસ, દેશવાસીઓના કલ્યાણ પર છે. હું આંકડાઓ આપતો રહું છું. હું ૧૫-૨૦ની વાત કહું છું. ૨૨ પછી એક જ નાણાકીય વર્ષમાં ૧૮ લાખ કરોડ રૂપિયાનું કલેક્શન, ૧૬ લાખ કરોડનો ટેક્સ ચૂકવવામાં આવ્યો, યુપીઆઈ દ્વારા ૧૪ લાખ કરોડના ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ નોંધાયો, નિકાસ ૭૫૦ અબજને પાર, ૧૬ હજાર કરોડની સંરક્ષણ નિકાસ, રેલવે નૂર ૧૫૦૦ મેટ્રિક ટનથી વધુ લોડિંગ. આ રેકોર્ડ દર્શાવે છે કે દેશ કેટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. હું એક શ્વાસમાં બને એટલું બોલી ગયો.

વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર ન બનોઃ ભાજપને ૨૧મી સદીના ભવિષ્યનો પક્ષ બનાવવો પડશે. વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર ન બનો. લોકો પહેલેથી જ કહી રહ્યા છે કે ૨૦૨૪માં ભાજપને કોઈ હરાવી શકશે નહીં. આ વાત સાચી છે, પરંતુ ભાજપના કાર્યકર તરીકે આપણે દરેક નાગરિકના દિલ જીતવાના છે. દરેક ચૂંટણી એ જ ખંતથી લડવાની હોય છે જે રીતે આપણે ૮૦ના દાયકાથી લડતા આવ્યા છીએ.

આ પહેલાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ સવારે દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે પાર્ટીનો ધ્વજ ફરકાવ્યો હતો. લખનૌમાં પણ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પાર્ટી કાર્યાલય પર ધ્વજ ફરકાવ્યો હતો. ભાજપ ડો. ભીમરાવ આંબેડકરની જન્મજયંતી આજથી ૧૪ એપ્રિલ સુધી વિશેષ સપ્તાહ તરીકે ઊજવશે. પાર્ટીએ કાર્યકર્તાઓને કહ્યું છે કે, '૧૧ એપ્રિલે સમાજ સુધારક જ્યોતિ બા ફૂલેની જન્મજયંતી અને ૧૪ એપ્રિલે તમામ બૂથ, મંડલ, જિલ્લા અને રાજ્ય કાર્યાલય પર ડૉ. આંબેડકરની જન્મજયંતીની ઉજવણી કરો. તેમના ફોટા પર પુષ્પાંજલિ અર્પણ કરીને સ્વચ્છતા અભિયાન શરૂ કરવું જોઈએ. મોદી સરકારે અનુસૂચિત સમાજના કલ્યાણ માટે કરેલાં કાર્યોની ચર્ચા પણ કરો.

## અમદાવાદની તાજ હોટલમાં ચાલતુ હતું મસમોટું જુગારધામ! પટેલ, શાહ, પરિખ બધા જુગાર રમતા ઝડપાયા!

અમદાવાદ, અમદાવાદના પોશ વિસ્તારમાંથી ઝડપાયું મસમોટું જુગારધામ. અમદાવાદના સિંધુ ભવન રોડ પર આવેલી તાજ હોટલમાંથી આ જુગારધામ ઝડપાયું છે. વૈભવી હોટલમાં પીસીબીએ દરોડા પાડતા સમગ્ર મામલો સામે આવ્યો છે. સંકલ્પ ગ્રૂપના માલિક કૈલાશ રામઅવતાર ગોયકાની આ મામલે ધરપકડ કરવામાં આવી છે. તે પોતે તાજ હોટલના માલિક હોવાનું પણ ખુલ્યું છે.

અમદાવાદ પોલીસે સિંધુ ભવન રોડ પર આવેલ તાજ હોટેલ ના રૂમ નંબર ૭૨૧ માં થી ૧૦ જુગારીઓ ને જુગાર રમતા ઝડપી પાડયા છે પકડાયેલ ૧૦ જુગારી અમદાવાદ શહેર ના બિલ્ડરો અને ઉદ્યોગપતિ હોવાનું તપાસના સામે આવ્યું છે. અચાનક પોલીસે હોટલમાં પ્રવેશીને તપાસ કરી. હોટલના એક વૈભવી રૂમમાં આ વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને મોટામાથાઓ ઠાઠથી જુગાર રમતા હતા. પોલીસે આ જુગારીઓની રંગેહાથે ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છેકે, અમદાવાદ કે સુરત જેવા મોટા શહેરોમાં અવારનવાર આ પ્રકારે જુગારધામ ઝડપાતા રહે છે. જેમાં ઘણીવાર એવું પણ સામે આવી ચુક્યું છેકે, જુગારના શોખીન વેપારીઓ, ઉદ્યોગપતિઓ અને મોટા માથાઓ ઘરથી બિઝનેસના કામ અર્થે જવાનું બહાનું કાઢીને આ પ્રકારે મોટી મોટી હોટલોમાં રૂમ બુક કરાવીને રાખતા હોય છે. અને ત્યાર બાદ તેઓ આ પ્રકારે પોતાનો શોખ પુરો કરતા હોવાનું પણ ભુતકાળમાં ઘણીવાર પ્રકાશમાં આવી ચુક્યું છે.

## આપની આજ.......

મેષ : આજે સંપત્તિનો વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

વૃષભ : આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

મિથુન : આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

કર્ક : આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો.

સિંહ : દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

કન્યા : આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

તુલા : દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. સાંસારિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાને કારણે તમારે પોતાને અવગણવું પડી શકે છે, પરંતુ તેના બદલે પૈસાના ફાયદાથી તમે સંતુષ્ટ થશો.

વૃશ્ચિક : આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે. અભિન્ન મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બની શકે છે. પાચન કાર્ય અને વિકારો શરીરમાં પીડા આપી શકે છે.

ધન : આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

મકર : આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો. બપોર પછી તમને આર્થિક મામલામાં સફળતા મળશે.

કુંભ : આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

મીન : ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે. ક્રોધથી બચો તમારા જીવનસાથીમાં વૈચારિક મતભેદો ઉભા ન થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ શ્રી રામાયણ મંડળ દ્વારા હનુમાન જન્મોત્સવ નિમિતે આંતર રાજ્ય સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું

દાહોદ,

દાહોદ હનુમાન બજાર ખાતે પાંચ એપ્રિલ બુધવારના રોજ રાત્રીના નવ કલાકે શ્રી રામાયણ મંડળ દ્વારા સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. સુંદરકાંડ સ્પર્ધાનું યુટયુબના માધ્યમ દ્વારા લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. સૌ પ્રથમ દાહોદ શ્રી રામાયણ મંડળ દ્વારા દરેક ટીમનું પુષ્પગુચ્છ અને હનુમાનજીની છબી આપી સહુ ટીમોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત નિર્ણાયક ટીમનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ ગગનભેદી ફટાકડા ફોડી પ્રતીયોગિતા ચાલુ કરવામાં આવી હતી. દરેક ટીમો પર સુંદરકાંડની પ્રસ્તુતિ દરમ્યાન પુષ્પ વર્ષા કરવામાં આવતી હતી. તેમજ ઉપસ્થિત ભક્તો દ્વારા દરેક ટીમો પર લક્ષ્મીનો વરસાદ કરી ટીમોને પ્રોત્સાહન પૂરૂં પાડ્યું હતું અને ઉપસ્થિત ટીમો પર જે લક્ષ્મીનો વરસાદ થયો તે તમામ રૂપિયા ગૌ શાળામાં દાન આપવામાં આવનાર હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ ખાતે દરેક ટીમ દ્વારા સંગીતમય સુંદરકાંડ દરમ્યાન દેશ ભક્તિના ગીતો અને શ્રીરામના ભજનો દ્વારા સહુ લોકોના મન જીતી લીધા હતા. ગોપાલભાઈ દ્વારા સુંદરકાંડ દરમ્યાન સુંદર સ્ટેજ સંચાલન કરવામાં આવ્યું હતું તેમજ વચ્ચે વચ્ચે સુંદરકાંડની અમુક ચોપાઈચોના ભાવાર્થ પૂછવામાં આવતા હતા, તેમજ ઉપસ્થિત ભક્તો દ્વારા તેના સુંદર જવાબ પણ આપવામાં આવતા હતા. સુંદરકાંડ પ્રતિયોગીતામાં કુલ પાંચ ટીમો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો દરેક ટીમ દ્વારા બાર દોહા સાથે સંગીતમય સુંદરકાંડ કરવામાં આવ્યું હતું. પાંચે ટીમો દ્વારા ખૂબ જ સુંદર રીતે તાલબધ્ધ રીતે સુંદરકાંડ કરવામાં આવ્યા હતા. દરેક ટીમોએ એક બીજા થી ચઢિયાતુ પ્રદર્શન કર્યું હતું. ઉપસ્થિત જજ દ્વારા કોઈ પણ ટીમોને ઈનામોની શ્રેણીમાં ગોઠવવા મુશ્કેલ હતા.

આ સુંદરકાંડ પ્રતિયોગીતાના નિર્ણાયક તરીકે ડો. કપિલભાઈ( સંગીત વિસારદ) અને બે અન્ય નિર્ણાયકો દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી. હનુમાન બજાર મિત્રમંડળના અગ્રણી તેમજ બ્રહ્મ સમાજ દાહોદ કીનકરભાઈ રે ( ત્રિવેદી) દ્વારા સુંદરકાંડ પ્રતિયોગીતામાં ભાગ લેનાર ટીમોનુ સ્વાગત કર્યું તથા તેમનામાં ઉત્સાહ વધારવાનો અને તેમને પ્રોત્સાહિત કરવાનું કાર્ય કરેલ હતું.

આ સુંદરકાંડ સ્પર્ધામાં શ્રી સિદ્ધેશ્વર રામાયણ મંડળ, કાંરણવાડી ( મધ્યપ્રદેશ), શ્રી કૃષ્ણા મ્યુઝિકલ ગ્રુપ રતલામ (મધ્યપ્રદેશ), ખેડાપતિ સુંદરકાંડ મંડળ નલખેડા (મધ્યપ્રદેશ ), વણકતળાઈ સુંદરકાંડ મંડળ ઝાલોદ (ગુજરાત), શ્રી પનઘટ બાલાજી કોટડી (રાજસ્થાન)ની ટીમોએ ભાગ લીધો હતો. આ બધી ટીમની સુંદર અને સંગીતમય સુંદરકાંડની પ્રસ્તુતિને જજ દ્વારા પણ ભારે મુંઝવણ મૂક્યા હતા. આ બધાની વચ્ચે પનઘટ કે બાલાજીને (કોટડી, રાજસ્થાન)પહેલાં નંબરે વિજેતા થઈ હતી તેમને ૩૧,૦૦૦ રોકડા ઈનામ અને બાલાજીની પ્રતિમા ઈનામ રૂપે આપવામાં આવી હતી. બીજા ક્રમે શ્રી સિદ્ધેશ્વર રામાયણ ૨૧૦૦૦ (કાંકણવાડી, મધ્યપ્રદેશ ), ત્રીજા ક્રમે ક્રિષ્ણા મ્યુઝીકલ ગ્રુપ (રતલામ, મધ્યપ્રદેશ), ચોથા ક્રમે ખેડાપતિ સુંદરકાંડ મંડળ ૫,૦૦૦ રોકડા (નલખેડા, મધ્યપ્રદેશ), પાંચમા ક્રમે વણકતલાઈ સુંદરકાંડ મંડળ (ઝાલોદ, ગુજરાત) ૫,૦૦૦ રોકડા તેમજ દરેક ટીમોને હનુમાનજીની પ્રતિમા આપવામાં આવી હતી.

દાહોદ રામાયણ મંડળ દ્વારા ખૂબ જ સુંદર રીતે સુંદરકાંડ પ્રતિયોગીતાનું આયોજન કરવામાં આવ્યું હતું. રામાયણ મંડળ દાહોદના પ્રમુખ ભાસ્કરભાઈ ત્રિવેદી તથા તેમની આગેવાની હેઠળ સુંદરકાંડ મંડળનું આયોજન કરાયું હતું. આ સુંદર પ્રોગ્રામને દરેક ભક્તોએ આંખોમાં સંજોવી લીધો હતો. ઉપસ્થિત દરેક ભક્તો માટે ચા અને અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. વહેલી સવારે ૪:૩૦ વાગે સુંદરકાંડ પ્રતિયોગીતા પુરી કરવામાં આવી હતી.

# દાહોદ શહેર અને જીલ્લામાં હનુમાન જયંતિ શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં આજરોજ ભગવાન શ્રી હનુમાનજીની જન્મ જયંતી મહોત્સવનો શ્રદ્ધાભેર શ્રદ્ધાળુઓએ ઉજવણી કરી હતી. તમામ નીજ મંદિરો ખાતે હનુમાનજીના ભજન, કીર્તન, પૂજા, અર્ચના, ભંડારા સહિતના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. વહેલી સવારથી જ હનુમાન મંદિરો ખાતે શ્રદ્ધાળુઓની ભીડ જોવા મળી હતી.

ભગવાન શ્રી હનુમાન જન્મ જયંતીની દાહોદ શહેર સહિત જીલ્લામાં ધામધૂમ પૂર્વક તેમજ શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તમામ હનુમાનજીના મંદિરોને ભવ્ય રોશનીથી શણગારી દેવામાં આવ્યા હતા. હનુમાનજી જન્મ જયંતીના એક દિવસ પૂર્વે મધ્યરાત્રીના સમયે હનુમાનજી મંદિર ખાતે ભજન, કીર્તન કાર્યક્રમ યોજાયા હતા જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ હાજર રહ્યા હતા. હનુમાનજી ની જન્મ જયંતીના દિવસે વહેલી સવારથી જ હનુમાનજીના મંદિર ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. હનુમાનજી ના મંદિર ખાતે જય શ્રી રામ અને જય શ્રી હનુમાનજીના નાદથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. મંદિરો ખાતે ભજન કીર્તન પૂજા અર્ચના સહિતના કાર્યક્રમો યોજાયા હતા ત્યારે સાંજના સમયે ઘણા હનુમાનજી મંદિર ખાતે પ્રસાદી તેમજ ભંડારાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ પ્રસાદી તેમજ ભંડારાનો લાભ લીધો હતો.

# દાહોદ જીલ્લામાં બે અલગ અલગ અકસ્માતના બનાવમાં બે વ્યકિતના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં ચાલકની ગફલતને કારણે જુદી જુદી જગ્યાએ સર્જાયેલા ગમખ્વાર અકસ્માતના બે બનાવોમાં બે જણા સ્થળ પર જ કાળનો કોળીયો બન્યાનું તેમજ એકને ગંભીર ઈજાઓ થયાનું જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં ગમખ્વાર અકસ્માતના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ દાહોદ તાલુકાના કતવારાથી આગાવાડા જતાં રોડ પર રાત્રીના પોણા દશ વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં એક ઓટો રીક્ષા ચાલક તેના કબજાની જીજે-૨૦ ડબલ્યુ-૪૯૫૪ નંબરની રીત્રા પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જઈ કતવારાથી આગાવાડા તરફ જતાં રોડ પર રોડની સાઈડમાં ચાલતા જઈ રહેલા સાવન નામના છોકરાને ટક્કર મારી રોડ પર પાડી દઈ તેના પર ઓટો રીક્ષા ચડાવી દઈ તેને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે રીક્ષા ચાલક તેના કબજાની ઓટો રીક્ષા સ્થળ પર જ મૂકી નાસી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ કતવારા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણ જનાર સાવન નામના છોકરાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ પચનામં કરી પોસ્ટ મોર્ટમ માસે લાશને દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં મોકલી આપી ગમલા ગામના કમલેશભાઈ રમેશભાઈ સંગાડાએ આ સંબંધે નોંધાવેલ ફરિયાદને આધારે કતવારા પોલીસે ઓટો રીક્ષા ચાલક વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે દાહોદ જીલ્લામાં ગમખ્વાર અકસ્માતનો બીજો બનાવ ધાનપુર તાલુકાના આંબાકાંચ ગામે ભુરીયા ફળિયામાં પાકા ડામર રોડ પર મોડી રાતના બે વાગ્યાના સુમારે બનવા પામ્યો હતો. જેમાં ગરબાડા તાલુકાના ભે ગામે રહેતા અનીલભાઈ રમેશભાઈ ભુરીયા પોતાની જીજે-૨૦ એ.આર-૬૯૨૭ નંબરની યામાહા એમટી ૧૫ મોટર સાયકલ પર પાછળ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને બેસાડી પોતાની મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકરી લઈ જતાં આંબાકાચ ગામે ભુરીયા ફળિયામાં પાકા ડામર રોડ પર વધુ પડતી ઝડપને કારણે ચાલક અનીભાઈ ભુરીયાએ સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતાં મોટર સાયકલ સ્લીપ ખાઈ જતાં મોટર સાયકલ ઉપર પાછળ બેઠેલ જીગ્નેશભાઈ રમેશભાઈ મોહનીયાને શરીરે તથા માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જ્યારે મોટર સાયકલ ચાલક અનીલભાઈ રમેશભાઈ ભુરીયાને શરીરે ઈજાઓ થતાં તેને સારવાર માટે નજીકની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

આ સંબંધે આંબાકાચ ગામના સરપંચ ફળીયાના અંકીતભાઈ સમસુભાઈ મોહનીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે ધાનપુર પોલીસે મોટર સાયકલ ચાલક અનીલભાઈ રમેશભાઈ ભુરીયા વિરૂધ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ જીલ્લાની જનરલ સાધારણ સભામાં

# રાજ્ય અધ્યક્ષ ભીખાભાઈની ખોટી રીતીનીતીઓ અને મનમાની પૂર્વકનાં વેતન સામે જીલ્લાનાં હોદ્દેદારો દ્વારા આક્રોશ સાથેનો હોબાળો

દાહોદ,

પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ દાહોદ જીલ્લાની જનરલ સાધારણ સભા જીલ્લા અદયક્ષ બળવંતસિંહ લક્ષ્મણસિંહ ડાંગરની અદયક્ષ સ્થાને યોજાઈ હતી. સભાના એજન્ડા મુજબ નવીન કારોબારીની રચના કરવા બાબતના મુદ્દા આવતા દાહોદ જીલ્લા અદયક્ષ તરીકે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંતના સંગઠન મંત્રી સરદારભાઈ મછાર દ્વારા હાલની ચાલુ કારોબારી સભ્યો કે સભામાં હાજર રહેલા અન્ય તાલુકાના હાજર હોદ્દેદારો સાથે કોઈપણ પ્રકારની ચર્ચા કે સવેસમંતી થી ઠરાવ પસાર કર્યો સિવાય જ બિલકુલ મનમાની પૂર્વક જ દેસિંગભાઈ તડવીના નામની સીધેસીધી જાહેરાત કરવામાં આવી હતી તો જ્યારે સભામાં હાજર મોટાભાગના હોદ્દેદારો અને શિક્ષકોમાથી જીલ્લા અદયક્ષ તરીકે બળવંતસિંહ લક્ષ્મણસિંહ ડાંગરની દરખાસ્ત આવી હતી. તેને શિક્ષકો દ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો. એક જ સ્થાન માટે બે દરખાસ્ત આવતા હાજર રહેલ શિક્ષકો દ્વારા નિર્ણય કરવા અપીલ કરવામાં આવી હતી, પરંતુ ગુજરાત રાજ્ય ટીમના સભ્યો દ્વારા જીલ્લા ની નવીન કારોબારીની નવીન રચના જીલ્લાએ જ નિર્ણય લઈને કરવાનો હોય છે. તેમ છતાં પણ રાજ્ય નાં અધ્યક્ષ અને સંગઠન મંત્રી દ્વારા બિલકુલ મનમાની અને મનસ્વીપણે જણાવ્યું કે, આ અમારી પદ્ધતિ મુજબ જાહેર કરવાનું હોય એવું જણાવીનેં બદઈરાદા પુર્વકનું કૃત્ય થઈ રહેલું જણાતાં જ સભામાં હાજર હોદ્દેદારો અને શિક્ષકોએ બંધારણ મુજબ ચુંટણી કરવા કહ્યું હતું. જેથી સાધારણ સભામાં હંગામો થતાં ભારે તોફાની બની હતી. હાજર રહેલ ૪૦૦ શિક્ષકો પૈકી ૩૫૦ થી વધુ શિક્ષકોએ બળવંતસિંહ ડાંગરના સમર્થનમાં નારેબાજી કરી હતી અને પ્રાંત અદયક્ષ ભીખાભાઈ પટેલના વિરૂદ્ધમાં સૂત્રચારો કર્યા હતા. વાતાવરણ વધુ ઉગ્ર બનતા ભીખાભાઈ પટેલ અને પ્રાંત ટીમના સભ્યોએ સભા સ્થળ પરથી ભગવા પ્રયાસ કરતાં શિક્ષકોએ તેઓનો હુરિયો બોલાવ્યો હતો. હાજર રહેલ શિક્ષકોએ તેઓની એમની ગાડીમાં એક કલાક સુધી બાનમાં લીધા હતા. હાજર રહેલ શિક્ષકો દ્વારા ભીખાભાઈ પટેલની ફક્ત સ્વહિત અને સવાથે વૃત્તિ ઓ તેમજ આવી ગંદી નીતિરીતિ સામે ભારેઆક્રોશ વ્યક્ત કર્યો.



જનરલ સાધારણ સભામાં શિક્ષકો દ્વારા ભીખાભાઈ પટેલને શિક્ષક કઈ રીતે ગણવા ?? એ બાબતે પ્રશ્નાર્થ કર્યો હતો. હાલ મુજબ આ ભીખાભાઈ રેવાભાઈ પટેલ કોઈ પણ રીતે પ્રાથમિક શિક્ષક કે ઉચ્ચ પ્રાથમિક, કે સી.આર.સી./બી.આર.સી. કો-ઓર્ડિનેટર નથી, તેઓએ શિક્ષકો જૂની પેન્શન યોજનાના ભોગે સરકાર સાથે પાછલા દરવાજે સમાધાન કરી જી.સી.આર.ટી.માં હુકમ કરાવેલ છ અને તેઓનો પગાર ખર્ચ પણ ગાંધીનગર જીલ્લા ખાતે જ પડે છે. જેથી તેઓ બંધારણ મુજબ કોઈ પણ રીતે પ્રાથમિક શિક્ષકનું સૂચિમાં આવતું નથી. પોતાના અંગત કામ કરાવવા શિક્ષકોની કર્મચારીઓના પ્રશ્નો રાજ્ય કક્ષાએ રજૂ કરી શકતા નથી. જો રજૂ કરવા જાય તો જી.સી.આર.ટી. નો હુકમ રદ થવાનો ડર સતાવી રહ્યો છે. આ અગાઉ પણ તેઓ પાટણની ગઢા પ્રાથમિક શાળામાં ખુબજ લાંબા સમય સુધી શાળામાં ના જવા અંગેના વિવાદમાં પણ આવી ચૂક્યા છે.

મળતી માહિતી મુજબ સભા સ્થળ છોડયા પછી ભીખાભાઈ અને પ્રાંત ટીમના સભ્યોએ દાહોદ એક હોટલમાં દાહોના ૨૦ થી ૨૫ શિક્ષકો સાથે મીટિંગ કરી હતી. ત્યાં તેઓએ જીલ્લાની નવી ટીમની જાહેરાત કરી હતી.

બંધારણ મુજબ જીલ્લા અદયક્ષના પ્રમુખ સ્થાને બેઠકનું આયોજન થતું હોય છે. જીલ્લા ટીમના સભ્યોની નિયુક્તિ સાધારણ સભા કરતી હોય છે છતાં હોટલમાં બેસી જૂજ શિક્ષકો વચ્ચે નવી ટીમ જાહેર થતાં શિક્ષકોમાં અનેક તર્ક વિતર્ક થવા પામ્યા છે, સંગઠનની રીતિનીત, પદ્ધતિ, અને જોહુકમી સામે નારાજગી વ્યકત કરી છે.


મળતી માહિતી મુજબ જીલ્લા અદયક્ષ બળવંતસિંહ ડાંગર દ્વારા જીલ્લાના શિક્ષકોના પ્રાણ પ્રશ્નો જેવા કે... જૂની પેન્શન યોજના, હેડ ટીચર, બદલી કેમ્પ અને બહેનોની પ્રસૂતિની રજાના પ્રશ્નો આક્રમક રીતે પ્રાંતમાં ભીખાભાઈને વારંવાર રીતે પ્રશ્નો ઉઠાવતા હતા. જેથી પ્રાંત ટીમના ભીખાભાઈ પટેલના પેટમાં તેલ રેડાતું હતું. શિક્ષકોનો અવાજ બનેલ અદયક્ષ બળવંત ડાંગરને યેનકેન રીતે કૂટનીતિના ભાગરૂપે દૂર કરાતા જીલ્લા અને સમગ્ર રાજ્યમાં સંગઠન પ્રત્યે રોષ જોવાઈ રહ્યો છે.

## દાહોદમાં રાહદારીઓ તેમજ વાહન ચાલકોથી ભરચક

# ઘાંચીવાડમાં MGVCLનો થ્રીફેઝ લાઈનનો ઓવરહેડ વાયર તૂટીને રસ્તા પર પડ્યો : સદનસીબે કોઈ જાનહાની નહિ

દાહોદ,

દાહોદ શહેરના વાહનો તેમજ રાહદારીઓની અવરજવરથી ભરચક રહેતા ઘાંચિવાડમાં શોર્ટ સર્કિટના કારણે થ્રી ફેસ ઓવર હેડ વાયર તૂટીને જમીન પર પડતા ત્યાંથી પસાર થતાં મૂંગા પશુને ઈલેક્ટ્રીક કરંટ લાગતા ઈજાગ્રસ્ત થયો હતો. જોકે, ઓવરહેડ વાયર તૂટયો તે સમયે વાહન ચાલકો તેમજ રાહદારીઓની અવરજવર નહીવત હોવાના કારણે સદ નસીબે કોઈ જાનહાની બનવા પામી નહોતી. જોકે, આ બનાવમાં એમજીવીસીએલને અનેકવાર જાણ કરવા છતાં ખાસી બધી વાર પછી એમજીવીસીએલના કર્મચારીઓ આવતા સ્થાનિકોએ એમજીવીસીએલની લેટ લતીફીને લઈ પોતાનો રોષ ઠાલવ્યો હતો.



દાહોદ શહેરમાં રાહદારીઓ તેમજ વાહન ચાલકોની અવરજવરથી કાયમી વ્યસ્ત રહેતા ઘાંચીવાડ ખાતે આજરોજ સાંજના સુમારે એમજીવીસીએલની પસાર થતી થ્રી ફેસ લાઈનના ઓવર હેડ વાયરમાં ઓવરલોડ ના કારણે વાયર ગરમ થઈ બ્રેક થયો હતો. જેના પગલે થ્રી ફેસ લાઈનનો જીવંત વાયર તૂટીને રસ્તા પર પડતા અત્રેથી પસાર થતાં મૂંગા પશુને ઈલેક્ટ્રીક શોક લાગ્યો હતો પરંતુ તેના જીવ પછી જવાબ પામ્યો હતો. આ ઓવર હેડ વાયર તૂટ્યો તે સમયે વાહન ચાલકો તેમજ રાહદારીઓની અવરજવર નહીવત હોવાના કારણે સબ નસીબે કોઈ જાનહાની બનવા પામી નહોતી. જોકે, આ ઘટના બાદ આસપાસના ભેગા થયેલા લોકોએ તરત જ એમજીવીસીએલ નો સંપર્ક સાધ્યો હતો. પરંતુ દોડતી બે કલાક જેટલો સમય વિત્યાં છતાય એમજીવીસીએલના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા નહોતા. અને આ જીવંત વાયરની નજીકથી લોકો બિન્દાસ પણ અવર જવર કરી રહ્યા હતા. જોકે દોઢ કલાક બાદ એમજીવીસીએલના કર્મચારીઓ સ્થળ પર આવતા સ્થાનિકોએ એમજીવીસીએલના કર્મચારીઓ ઉપર રોષ ઠાલવ્યો હતો. હાલ આ ઘટનામાં ઓવરલોડ ના કારણે થ્રી ફેસ લાઈનનો ઓવર હેડ વાયર ગરમ થઈ બ્રેક થઈ જમીન ઉપર તૂટીને પડ્યો હોવાનું કહેવાય રહ્યું છે. જોકે, આ બનાવમાં સદનસીબે કોઈ જાનહાની ન પહોંચતા સ્થાનિકોએ તેમજ એમજીવીસીએલના કર્મચારીઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# લીમખેડા તાલુકાના અંબા, અગારા અને રઈબાગ ગામોની ૧૦ જેટલી આંગણવાડી કેન્દ્રો જર્જરીત હાલતમાં

લીમખેડા,

લીમખેડા તાલુકાના અંબા ગામ, અગારા ગામ અને રઈબાગ ગામમાં આવેલ આંગણવાડી કેન્દ્રો પૈકી મોટાભાગના આંગણવાડીઓની હાલત જર્જરીત જોવા મળી રહી છે. આવી જર્જરીત ઈમારતોમાં નાના ભુલકાઓ જીવના જોખમે બેસતા હોય ત્યારે આવી જર્જરીત આંગણવાડીઓનું નવિનીકરણ થાય તે જરૂરી છે.

લીમખેડા તાલુકાના અંબાગામ, અગારા ગામ અને રઈબાગ ગામ મળીને ૧૦ જેટલી આંગણવાડી કેન્દ્રોની હાલત જર્જરીત બની છે. છેલ્લા લાંબા સમયથી આવી જર્જરીત આંગણવાડીઓમાં માસુમ ભુલકાઓ અભ્યાસ કરી રહ્યા છે. જર્જરીત આંગણવાડી બિલ્ડીંગને લઈ ગ્રામજનો પણ ચિંતીત રહેતા હોય છે. ત્યારે અંબા ગામ, અગારા અને રઈબાગની જર્જરીત આંગણવાડી કેન્દ્રોનું નવિનીકરણ કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે. જો આવી જર્જરીત આંગણવાડી કેન્દ્રો માટે ગંભીરતાથી ધ્યાન લેવામાં નહિ આવે તો કોઈ હોનારત સર્જાઈ શકે છે.

# ઝાલોદ શહેર ભાજપ દ્વારા જજમાં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

છઠી એપ્રિલને ગુરૂવારના તોજ ભારતીય જનતા પાર્ટીના ૪૪માં સ્થાપના દિવસની ઉજવણી અંતર્ગત વ્હેલી સવારે ૯-૦૦ કલાકે નગરપાલિકા હોલમાં શહેર પ્રમુખ દિનેશ પંચાલ દ્વારા કમલ ધ્વજ ફરકાવીને કાર્યક્રમનો આરંભ કર્યા બાદ ઉપસ્થિત સૌ કાર્યકરોએ પ્રધાન મંત્રીજીનું લાઈવ સંબોધન સાંભળ્યું બાદમાં નગરમાં આવેલ સ્વામી વિવેકાનંદજી, સરદાર પટેલ આંબેડકારજી અને ગાંધીજીની પ્રતિમાને માલ્યા અર્પણ કરીને ઝાલોદના સરકારી દવાખાનામાં દર્દીઓની મુલાકાત કરી ખબર અંતર પૃચ્છા કરીને ફળ વીતરણ કરી સેવા સપ્તાહની શરૂઆત કરી હતી.

આજથી શરૂ થયેલ સેવા સપ્તાહ ની ઉજવણીના ભાગરૂપે ૧૪મી એપ્રિલ સુધી વિવિધ કાર્યક્રમો થકી શહેર ભાજપની ટીમ દ્વારા કરવામાં આવનાર છે. જેમાં આવતીકાલે સવારે ૧૦-૦૦ કલાકે ટીટોડી સ્થિત નગર પાલિકાની પાણી પુરવઠા સાઈડ પમ્પીંગ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન કરીને જલશુદ્ધિ અભિયાન કરવામાં આવનાર છે.

# દે.બારીયા નાકટી ગામે રહેતા સિનીયર સીટીઝનના SBIમાં ડીપોઝીટ કરેલ નાણાં મેનેજર અને ઈસમો મળી ઉપાડી લઈ છેતરપિંડી કરી

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆના નાકટી ગામના સુથાર ફળિયામાં રહેતા એન સીનીટર સીટીઝનને દેવગઢ બારીઆ, બજાર શેરીમાં રહેતા એક સોનીએ એસ.બી.આઈમાં મેનેજરને મળી ડીપોઝીટ કરાવી આપવાનું જણાવી બેન્કની સ્લીપોમાં અંગુઠા કરાવી લઈ ડીપોઝીટની પાકી મુદતે તે સોનીએ ડીપોઝીટમાંમૂકેલા સીનીચર સીટીઝનના રૂપિયા ૬ લાખ ઉપાડી લઈ છેતરપીંડી, વિશ્વાસઘાત કર્યાનું બહાર આવતા મામલો પોલીસમાં પહોંચ્યાનું જાણવા મળ્યું છે.

ગત તા. ૧૧-૩-૨૦૧૯માં દેવગઢ બારીઆના નાકટી ગામે સુથાર ફળિયામાં રહેતા ૬૪ વર્ષીય ભારૂભાઈ વીરસીંગભાઈ સુથાર નામના સીનીચર સીટીઝનને રૂપિયા ૬ લાખ ફીક્સ ડીપોઝીટમાં મૂકવાના હોવાથી તેઓ દેવગઢ બારીઆ એસ.બી.આઈ.માં ગયા હતા. તે વખતે બેન્કમાં દે.બારીયા નગરના બજાર શેરીમાં રહેતા મુકેશભાઈ સુંદરભાઈ સોનીનો ભેટો થઈ જતાં તે મુકેશભાઈ સોનીએ મેનેજરને મળી ફીક્સ ડીપોઝીટ કરાવી આપીશ તેમ કહી બેન્કની સ્લીપોમાં સીનીચર સીટીઝન ભારૂભાઈ વીરસીંગભાઈ સુથારના અંગુઠા કરાવી લઈ તમારા નામની રૂપિયા ૬ લાખની ડીપોઝીટ થઈ ગયેલ છે અને હવે આ પૈસા તમોને સાડા પાંચ વર્ષ પછી મળશે તેમ કહી વિશ્વાસમાં લીધા હતા અને ડીપોઝીટ પાકતાં જ તે ડીપોઝીટના રૂપિયા મુકેશભાઈ સુંદરલાલ સોનીએ બેન્કની જે સ્લીપોમાં ભારૂભાઈ વીરસીંગભાઈ સુથારના અંગુઠા કરાવી લીધા હતા. તે અંગુઠા કરાવેલ સ્પીપોના ઉપયોગ કરી મુકેશભાઈ સોનીએ ફીક્સમાં મુકેલ રૂપિયા ઉપાડી લીધા હતા. આ વાતથી અજાણ ભારૂભાઈ વીરસીંગભાઈ સુથાર ગઈકાલે બેન્કમાં ડીપોઝીટ ઉપાડવા ગયા હતા અને સ્લીપો ભરી બેન્કના કાઉન્ટર પર આપતા બેન્ક કર્મચારીએ ખાતુ તપાસતાં તે રૂપિયા ઉપડી ગયાનું જણાવતા ભારૂભાઈ સુથારને બારીયા મુકેશભાઈ સોનીનો આખો ખેલ સમજા ગયો હતો અને આ સંબંધે ભારૂભાઈ વીરસીંગભાઈ સુથારે દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા દેવગઢ બારીઆ પોલીસે આ સંદર્ભે દેવગઢ બારીઆ, બજાર શેરીમાં રહેતા મુકેશભાઈ સુંદરભાઈ સોની વિરૂધ્ધ છેતરપીંડી, વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દે.બારીયા શહેરના મેઈન બજારમાં વેપારીઓના દ્વારા છાયડો રહે તેના માટે નેટની વ્યસ્થા કરી

દે.બારીયા,

દે.બારીયા શહેર તથા પંથકમાં હોળીના પર્વના બાદ ગ્રામીણમાં વસવાટ કરતા કોળી પટેલ જ્ઞાતિમાં લગ્નની શરૂઆત થવા પામી છે. તેથી કન્યા શાળા રોડના વેપારીઓલ ભાઈઓએ પોતપોતાની દુકાનોમાં આવતા ગ્રાહકોની સુવિધાઓ માટે છાયડો રહે તેના માટે નેટ બાંધીને ગ્રાહકોને આકર્ષવાનો નવ નુસખ્ખો અજમાવ્યો છે.

પંચમહાલ સમાચારના પ્રાપ્ત માહિતીના અનુસાર દે.બારીયાના મેઈન બજાર કન્યાશાળા રોડના વેપારી મિત્રોએ પોત પોતાની દુકાનોના પર આંગણે એપ્રિલ-મે ની ૪૦ ડીગ્રીની ગરમીમાં ખરીદી કરવા આવતા ગ્રામીણમાં૦ લગ્નીની સીઝન શરૂઆત થઈ ગઈ છે. આ લગ્નો વરસાદ આવતા સુધી રહેવાના છે. ખરીદી કરવા માટે તેમજ લગ્નની મુહરત માટે પંદર થી પચ્ચીસ સગાવ્હાલા આવતા હોય છે. અલગ્નના માટે નવા કપડાં, વાસણો, તિજોરી, ઘરઘરસ્તી વસૂતઓનું વેચાણ કરતાં વેપારીઓ ગ્રાહકો માટે છાંયડો કરવા માટે નેટ બાંધીને તેમજ પીવાનું પાણી માટે કારબા દુકાનો આગળ મૂકીને ગ્રાહકો આરામથી ખરીદી કરી શકે તેની કાળજી દર વર્ષે ઉનાળામાં કરતયામ હોય છે. હાલમાં પણ દુકાનોના પટઆંગણે તડકામાં છાંયડો રહે તે માટે ગ્રીન નેટ બાંધી ગ્રાહકોને રાહત આપતું નવો સ્ટ્રેન્થ છેલ્લા પાંચ વર્ષથી ચાલ્યો છે અને આ વ્યવસ્થા માનવતા માટે એક ઉમદા કાર્ય સાથે સંદેશ પણ સારો છે. તે બિરદાવવા બાબત છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.192

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ડેરોલ સ્ટેશન સ્થિત ૬ મહિના પહેલા જ

# લોકાર્પણ કરવામાં આવેલા રેલવે અંડરગ્રાઉન્ડ બ્રીજનો જોખમી બનેલો ઝોક વધ્યો

### રૂપિયા સાડા ત્રણ કરોડના ખર્ચે બનેલા અંડરગ્રાઉન્ડ બ્રીજની હલકી ગુણવત્તાને કારણે ૬ મહિનામાં જ કાંકરા ખરતા મોટું નુક્સાન કે દુર્ઘટના સર્જાવવાની શકયતાઓ પણ નકારી શકાય નહીં

કાલોલ,

કાલોલના ડેરોલસ્ટેશન ખાતે પાછલા પાંચ વર્ષોથી ખોરંભે પડેલા રેલવે ઓવરબ્રિજના વિકલ્પે ગત વર્ષે સાડા ત્રણ કરોડના ખર્ચે તૈયાર કરેલા અંડરગ્રાઉન્ડ બ્રીજનું છ મહિના પહેલા જ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. એ અંડરગ્રાઉન્ડ બ્રીજના કાંકરા ખરતા અને લોખંડના સળિયા પણ બહાર આવીને તાજેતરમાં નુકસાન પામેલા ભાગનો ઝોક વધી જતાં ગંભીર પરિસ્થિતિ સર્જાતી જોવા મળી રહી છે અને પશ્ચિમ રેલ્વે વિભાગની હોટલાઈન પર હાઈસ્પીડ અને માલવાહક ટ્રેનોની સક્રિયતાને કારણે અંડરબ્રીજની કામગીરી, ગુણવત્તા અને ઈજનેરી ક્ષમતા અંગે સવાલો ઉઠવા પામ્યા છે.



પ્રાપ્ત વિગતો મુજબ કાલોલના રેલ્વે સેન્ટર ગણાતા ડેરોલ સ્ટેશન સ્થિત મુખ્ય ફાટક નંબર-૩૨ ઉપર પાંચ વર્ષો પૂર્વે તૈયાર થતા રેલવે ઓવરબ્રિજની કામગીરી અધવચ્ચે બંધ પડી જતાં પાછલા પાંચ વર્ષોથી ઓવરબ્રિજની કામગીરી ખોરંભે પડી જવા પામી છે. જેથી સ્થાનિક હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને પડતી હાલાકીઓને પગલે ગત વર્ષે વૈકલ્પિક ધોરણે રેલ્વે વિભાગ દ્વારા અંડરબ્રીજ ૨૦ મીટર લાંબો, ૩ મીટર ઉંચો અને ૫.૫૦ મીટર પહોળા અંડરગ્રાઉન્ડ બ્રીજ માટે રૂપિયા સાડા કરોડના ખર્ચે તૈયાર થઈને ચાલું વર્ષે દિવાળી પહેલા જ સ્થાનિક લોકોએ પોતાની રીતે જ અંડરબ્રીજનું લોકાર્પણ કરી દીધું હતું એ ગરનાળાને લોકાર્પણ કર્યાને છ સાત મહિનામાં જ એક લાઈન પર સિમેન્ટ કોંક્રિટના પોપડા ખરવા લાગ્યા છે, તિરાડો પડી છે અને લોખંડના સળિયા પણ બહાર આવી ગયા છે, તદ્ઉપરાંત ગરનાળાને થયેલા નુકસાનને કારણે ગરનાળાનો ઝોક પણ વધી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય કે પશ્ચિમ રેલવેની મુખ્ય હોટલાઈન પર જ્યારે દિલ્હી મુંબઈની ડેઈલી હાઈસ્પીડ ટ્રેનો સહિત ભારવાહક માલગાડીઓ પણ પસાર થતી હોવાને કારણે અંડરબ્રીજની કામગીરી, ગુણવત્તા અને ક્ષમતા અંગે સવાલો ઉઠી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંડરબ્રીજના નિર્માણ અંગે રેલવે તંત્રની દેખરેખ હેઠળ બનેલા રેલવે તંત્રની બેદરકારીએ અંડરબ્રીજની તકલાદી કામગીરીને કારણે ગરનાળાને પહોંચેલા નુકસાન અંગે બે મહિના અગાઉ પણ તંત્રનું ધ્યાન દોર્યું હતું. તેમ છતાં તંત્રના પેટનું પાણી પણ નહીં હલતા લાપરવાહી વધારે ગંભીર બની ગઈ છે. રેલ્વે તંત્રની બેદરકારીએ અંડર ગ્રાઉન્ડમાંથી પુર પ્રવાહમાં પસાર થતા હજારો વિદ્યાર્થીઓ, રાહદારીઓ અને વાહનચાલકો તદ્ઉપરાંત ઉપરથી પસાર થતી હાઈસ્પીડ ટ્રેનોને કારણે ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત કે જાનહાની થવા પામે એ અંગે જવાબદાર કોણ એ પણ એક સવાલ બની ગયો છે. જેથી કોઈ મોટી દુઘટર્ના સર્જાય તે પહેલાં જવાબદાર રેલ્વે તંત્રએ સત્વરે ગરનાળાના નુકસાન અને ક્ષમતાની ચકાસણી કરી સઘન સુરક્ષાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં હનુમાન જન્મ જયંતિની ભવ્ય શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ

ગોધરા,

પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં આજે શ્રી હનુમાન જન્મ જયંતિની શ્રધ્ધાભાવ સાથે ઉજવણી કરવામાં આવી. ઠેરઠેર મંદિરોમાં ભાવિભકતો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. સાથે ગોધરા સહિતના નગરમાં શ્રીજી હનુમાન જયંતિ નિમિતે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી.

ગોધરા શહેર સહિત હાલોલ, કાલોલ, મોરવા(હ), શહેર, ઘોઘંબા ખાતે આજરોજ શ્રી હનુમાન બજરંગબલીના જન્મોત્સવની ભવ્ય ઉજવણી માટે હનુમાન મંદિરોમાં તૈયારીઓ કરવામાં આવી હતી. વહેલી સવારથી હનુમાન મંદિરોમાં ભાવિ



ભકતો શ્રદ્ધાભાવ સાથે મહાબલી હનુમાનજીના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. ગોધરા ખાતે વાવડી બુઝર્ગ, પથ્થર તલાવડી, તળાવ રોડ તેમજ હમીરપુર ખાતે આવેલ હનુમાનજીના મંદિરોમાં ભકતો દર્શન માટે પહોંચ્યા હતા. શ્રી હનુમાન જન્મોત્સવ નિમિતે ગોધરા, હાલોલ, કાલોલ, ઘોઘંબા ખાતે ભવ્ય શોભાયાત્રાનું આયજન કરવામાં આવ્યું હતું. સાથે મંદિરોમાં મહાપ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું. જીલ્લામાં જાંબુઘોડા તાલુકામાં આવેલ ઝંડ હનુમાન મંદિર ખાતે પંચમહાલ, રાજપીપલા અને વડોદરા જીલ્લા માંથી ભાવિભકતો દર્શન માટે મોટી સંખ્યામાં પહોંચ્યા છે. પંચમહાલ જીલ્લામાં હનુમાન જન્મોત્સવની ઉજવણી અને શોભાયાત્રાને ધ્યાનમાં રાખી જીલ્લા પોલીસ દ્વારા ચુસ્તપોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

# ગોધરાના વકીલની માતાના આંતરડાના ઓપરેશનમાં બેદરકારીથી મોત નિપજાવનાર ડૉકટર અને હોસ્પિટલ સંચાલક વિરૂદ્ધ ફરિયાદનો હુકમ કરતી કોર્ટ

### કોર્ટના હુકમ બાદ એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરાની મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટોલમાં વડોદરાના નવા શિખાઈ ડાંકટરોને બોલાવીને જનતાની સાથે રમત રમવામાં આવી તેવો કિસ્સો ગોધરામાં સામે આવ્યો છે. વકીલની માતાના ઓપરેશનમાં તબીબની બેદરકારીને લઈ સ્વસ્થ મહિલાનું મોત નિપજાવનાર વડોદરાના તબીબ અને ગોધરાની હોસ્પિટલના સંચાલક સામે દોઢ વર્ષની કાનુની લડાઈ બાદ ગોધરા કોર્ટના હુકમથી એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરામાં વકીલાત કરતા અશોકભાઈ સામતાણીએ એવી ફરિયાદ કરી હતી કે, તેમની માતા લક્ષ્મીબેન આશનદાસ સામતાણી ૭૧ વર્ષના હતા અને તેમના આંતરડાના સિગ્મોઈડ કોલોન ભાગમાં નાની ગાંઠ હતી. તે ભવિષ્યમાં કેન્સર પણ બની શકે છે. જેથી ગોધરાની સનરાઈજ હોસ્પિટલમાં ગયેલા ત્યાં હોસ્પિટલના સંચાલક ડાંકટર પ્રતિક દરજી મળ્યા હતા. અને તે અશોકભાઈ સામતાણીને વડોદરાથી આવેલ ઓન્કો સર્જન ડૉ. મિહિર રાજેશભાઈ શાહની ઓપીડીમાં ફાઈલો જઈને ચિંતા જેવું નથી. નાનું ઓપરેશન છે. કોઈ જાતનું જોખમ નથી. બે દિવસ આઈસીયુમાં રાખવામાં આવશે. ૮૦,૦૦૦/-રૂપીયાના પેકેજમાં કરી આપીશું ઓપરેશન પછી ૨૦૪૫ કલાક હોસ્પિટલમાં રહિશ પછી હોસ્પિટલના ફીજીશીયન ડૉ. હકીમ વાઘજીપુરવાલા લક્ષ્મીબેનની દેખરેખ રાખશે ઓપરેશન બાદ ડૉ. મિહિરભાઈ શાહ વડોદરા જતા રહયા હતા. દર્દીની તબીયત સારી છે. તેમ કહી શીખાઉ નર્સોના ભરોશે છોડી ચાલ્યા ગયા હતા. ઓપરેશન બાદ લક્ષ્મીબેનને તાવની ફરિયાદ હોવા છતાં ડાંકટર તપાસ માટે આવ્યા ન હતા. ઓપરેશન ૪ દિવસ બાદ લક્ષ્મીબેનની તબીયત લથડતા ગોધરા વડોદરા ખાતે કરાઈ કલર હોસ્પીટલમાં લઈ ગયેલ અને આઈ.સી.યુ.માં રાખવામાં આવ્યા હતા. ડાંકટરની ઓપરેશનમાં ભુલને લઈ શરીરમાં ચેપ લાગવાથી લક્ષ્મીબેનનું મોત થયેલ હતું. આ બાબતે ગોધરા એ ડીવીઝનમાં ડૉ. મિહિર શાહ અને હોસ્પિટલની બેદરકારી અંગે પોલીસે ફરિયાદ ન નોંધાતા ન્યાય મેળવવા કોર્ટમાં ફરિયાદ દાખલ કરતાં ગોધરા ચીફ જયુડીશીયલ મેજીસ્ટેટ જીગ્નેશ ગીરીશભાઈ દામોદ્રાએ ગોધરા એ ડીવીઝન પોલીસને આરોપી તબીબ સામે ફરિયાદ નોંધાવાના આદેશ બાદ ડૉ. મિહિર શાહ અને સનરાઈઝ હોસ્પિટલના સંચાલક ડૉ. પ્રતિક દરજી વિરૂદ્ધ ઈ.પી.કો કલમ૩૦૪(અ), ૩૩૭,૩ ૩૮, ૧૨૪ મુજબ ફરિયાદ નોંધાવામાં આવી.

## ઘોઘંબાના પાલ્લા ગામે તડકીયા હનુમાનજી મંદિરે હનુમાન જયંતીની ઉલ્લાસભેર ઉજવણી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ભગવાન શ્રીરામના પરમ ભક્ત હનુમાનજીએ ભગવાનને અનહદ સેવા કરી છે. ત્યારે શ્રીરામ ભક્ત હનુમાનજી દાદા વિવિધ સ્વરૂપોમાં ઓળખાય છે. ત્યારે ઘોઘંબાના પાલ્લા ગામ પાસે આવેલ કરાડ્ ડેમની નજીક તડકીયા હનુમાનજી તરીકે બિરાજમાન થયેલ છે. આ મંદિરના પ્રાંગણમાં હનુમાન જયંતિની હર્ષ ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આસપાસના હનુમાન ભક્તો ખૂબ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. બ્રાહ્મણ દ્વારા મંત્રોચ્ચાર સાથે હવનનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો.

ઘોઘંબાના કરાડ ડેમ જતા કુદરતી વાતાવરણમાં રસ્તાની બાજુમાં વર્ષો જુના તડકીયા હનુમાનજી દાદાના મંદિરે હનુમાન જયંતિ નિમિત્તે હવન તેમજ હનુમાન દાદાને મલીદો તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમ બ્રાહ્મણો દ્વારા પુજા પાઠ કરવામાં આવ્યા હતા. હનુમાનજી મંદિરે હવન તેમજ મહાપ્રસાદનું આયોજન ઘોઘંબા ના શ્રીજી મેડિકલ સ્ટોરના માલિક સેજલભાઈ શાહ દ્વારા દર વર્ષે હનુમાન જયંતિના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે, તેમજ ઘોઘંબા ગામના હનુમાનજી ના પરમભક્તો દ્વારા ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી ઉજવણી કરવામાં આવે છે. તેમાં મુખ્ય યજમાન તરીકે સેજલભાઈ શાહ અને તેમનો પરિવાર સાથે રહીને બધાના સાથ અને સહકારથી ઉજવવામાં આવેલ છે.

## શહેરા તાલુકામાં હનુમાન જયંતિની ભકિતભાવ સાથે ઉજવણી કરાઈ



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકામાં હનુમાન જયંતિ ની ભક્તિ ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે નગર વિસ્તારમાં સીતારામ પરિવાર દ્વારા હનુમાનજીની શોભાયાત્રા કાઢવામાં આવતા મોટી સંખ્યામાં હનુમાન ભક્તો જોડાયા હતા. શહેરા સહિત સમગ્ર જિલ્લામાં હનુમાન જયંતિની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. તાલુકામાં આવેલા હનુમાનજીના વિવિધ મંદિરો ખાતે વહેલી સવારથી તેમજ દિવસ દરમિયાન હનુમાનદાદાના દર્શન કરવા માટે ભક્તોની અવરજવર જોવા મળી રહી હતી. મંદિર ખાતે હનુમાન ભક્તોએ હનુમાન દાદાને સિંદૂર તથા તેલ અર્પણ કરી તેમની આરાધના કરી હતી. જ્યારે નગર વિસ્તારમાં સીતારામ પરિવાર દ્વારા હનુમાનજીની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગરમાં આવેલા સ્વામિનારાયણ મંદિર ખાતેથી નીકળેલી હનુમાનજીની શોભાયાત્રામાં મોટી સંખ્યામાં હનુમાન ભક્તો જોડાયા હતા. હનુમાનજીની શોભાયાત્રા નગરના વ્યાસવાડા, મેઈનબજાર, પરવડી વિસ્તાર, હોળી ચકલા સહિત અન્ય માર્ગ ઉપર ફરી હતી. શોભાયાત્રાના રૂટ પર હનુમાનજીના ભક્તિમય ભજન સાથે જય હનુમાનના નાંદ થી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. સાથે મહા આરતી અને પ્રસાદીનું આયોજન સીતારામ પરિવાર દ્વારા કરવામાં આવતા મોટી સંખ્યામાં ભક્તોએ લહાવો લીધો હતો. રાત્રિના સમયે હનુમાનજીના વિવિધ મંદિરો ખાતે હનુમાન ચાલીસાના પાઠ તેમજ સુંદરકાંડ સહિત અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. નગર અને તાલુકામાં હનુમાન જ્યંની આસ્થાભેર ઉજવણી કરાઈ હતી.

## કાલોલ રેફરલ હોસ્પિટલમાં અકસ્માત મૃત્યુ પામેલ વ્યકિતના પી.એમ.માટે સ્વીપરના હોવાનું બહાનું કાઢતાં પરિવારજનો અટવાયા

કાલોલ,

કાલોલ ખાતેથી ઈકો ગાડીમાં મજુરો લેવા માટે બોડિદ્રા ગામે જતા હોય ત્યારે સાગાના મુવાડા ગામ નજીક ઈકો ગાડી પલ્ટી ખાઈ જતાં ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું. પી.એમ. અર્થે કાલોલ રેફરલમાં લાવવામાં મૃતકના પરિવાર મૃતદેહ લેવા આવ્યા બાદ હોસ્પિટલની બેદરકારી પી.એમ.ની કામગીરી અટવાઈ જતાં પરિવારજનો અટવાઈ ગયા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ ખાતે લેબર કોન્ટ્રાકટરનું કામ કરતાં અને મુળ બાકોર ખાનપુરના રહિશ હાલ કાલોલ ખાતે રહેતા નરેશભાઈ રતનાભાઈ ખાંટ પોતાની ઈકો ગાડી લઈને મજુરો લેવા માટે બોડીદ્રા જવા નિકળ્યા હતા. સાગાના મુવાડા ગામ પાસે ઈકો ગાડી પલ્ટી જતાં ગંભીર ઈજાઓ થતાં નરેશભાઈનું મોત નિપજાવા પામ્યું હતું. મૃતદેહને પી.એમ.અર્થે કાલોલ રેફરલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં જવાબદાર અધિકારી ન હતા અને પી.એમ.માટે સ્વીપર નહિ હોવાથી પી.એમ. થઈ શકયું ન હતું. મૃતકની પી.એમ.ની કાર્યવાહી નહિ થતાં પરિવારજનો પોલીસને જાણ કરતાં પોલીસ હોસ્પિટલમાં આવી તાકીદ કરતાં હાલોલ હોસ્પિટલ માંથી સ્વીપરને બોલાવીને પી.એમ. કરાવી મૃતદેહને સોંપવામાં આવ્યો. સરકારી હોસ્પિટલમાં ચાલતી લાલીયાવાડી થી મૃતકનો પરિવાર પરેશાન થયો.

## વેજલપુર ગાયત્રી મંદિરનો પાટોત્સવ અને પાંચ કુંડી યજ્ઞ યોજાયો



તસ્વીર : નુર બાલા, વેજલપુર

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ગામે આવેલ ગાયત્રી મંદિરે મંદિર નોપાટોત્સવ ધામ ધૂમ થી ઉજવવામાં આવ્યો હતો. આ દિવસે માં ગાયત્રીનો પાંચ કુંડી યજ્ઞ તેમજ મંદિરના પાટોત્સવ નિમિત્તે મહાપૂજા અને માતાજીના વિવિધ શણગારો કરવામાં આવ્યા હતા અને પાટોત્સવ નિમિત્તે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લે માં ગાયત્રીનું રટન કરતા સૌ છૂટા પડ્યા હતા. પાંચકુંડી મહાયજ્ઞ ગાયત્રી પરિવાર કાલોલ દ્વારા કરવામાં આવ્યો હતો.

## નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા પંચમહલ અને મહીસાગર જીલ્લામાં YUVA SAMVAD-India2047 કાર્યક્રમ યોજાશે

ગોધરા,

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સમગ્ર દેશમાં આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણી થઈ રહી છે. જેના સંદર્ભમાં યુવા બાબતો અને રમત ગમત મંત્રાલય અને તેની સ્વાયત સંસ્થા નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન (NYKS) ૧ એપ્રિલ થી ૩૧ મે ૨૦૨૩ સુધી દેશના તમામ જિલ્લાઓમાં સમુદાય આધારિત સંસ્થાઓ (CBO) YUVASAMVAD -India2047 કાર્યક્રમનું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમમાં રસ ધરાવતી સમુદાય આધારિત સંસ્થાઓની કોઈ રાજકીય પૃષ્ઠભૂમિ ન હોવી જોઈએ અને કોઈ ગુનાહિત ઈતિહાસ પણ ન હોવો જોઈએ. સમગ્ર પંચમહલ અને મહીસાગર જીલ્લામાં થી આ પ્રકારના ૩ કાર્યક્રમોનું આયોજન કરવામાટે કુલ ૩ સમુદાય આધારિત સંસ્થાની પસંદગી કરવામાં આવશે. રસ ધરાવનાર સમુદાય આધારિત સંસ્થા નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા કચેરી પાનમ કોલોની રોડ, કલેકટર કચેરી મુખ્ય દરવાજા પાસે ગોધરા ખાતે અરજી ફોર્મ જમા કરાવી શકે છે. અરજી જમા કરવાની છેલ્લી તારીખ ૧૦ મી એપ્રિલ ૨૦૨૩ છે. અથવા ફોન નંબર ૦૨૬૭૨-૨૪૦૦૩૨ પર સંપર્ક કરવા નહેરૂ યુવા કેન્દ્ર ગોધરાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## હાલોલ વાઘબોર્ડનો ભેંસોને તાડીયા ડેમમાં પાણી પીવડાવવા ગયેલ વ્યકિતને મગર પાણીમાં ખેંચી મોત નિપજાવ્યું

હાલોલ,

હાલોલ તાલુકાના વાઘબોર્ડ ગામે રહેતા ૪૨ વર્ષીય વ્યકિત તાડીયા ડેમમાં ભેંસોને પાણી પીવડાવવા ગયેલ હોય અને પોતે પણ પાણી પીવા છતાં પાણી માંથી મગર તરાપ મારી પાણીમાં ખેંચી જઈ મોત નિપજાવ્યાની ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાન વાઘબોર્ડ ગામે રહેતા પર્વતભાઈ નનુભાઈ નાયક ઉ.વ.૪૨ પોતાની ભેંસોને તાડીયા ડેમમાં પાણી પીવડાવવા લઈ ગયેલ હતો અને પોતે પણ પાણી પીતો હોય દરમિયાન પાણી માંથી મગરે તરાપ મારી પર્વતભાઈને પાણીમાં ખેંચી જઈ મોત નિપજાવતાં આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# ગોધરા આર્શીવાદ સોસાયટીના રહિશને મોબાઈલ ફોન અને લાઈટ બીલ માટે મેસેજ કરી ટીમ વ્યુ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ૩,૪૬,૯૯૯/-રૂા.ની છેતરપિંડી કરતાં ફરિયાદ

ગોધરા,

ગોધરા શહેરા આર્શીવાદ સોસાયટીમાં રહેતા ફરિયાદીના મોબાઈલ ફોન ઉપર મેસેજ કરી લાઈટ બીલ ભરાયું નથી. તેમ કહી લાઈટ બીલ ભરવા ટીમ વ્યુ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી વિશ્વાસમાં લઈ ૧૦ થી ૧૧ વખત ટીમ વ્યુ એપ્લેકશન ઓપન કરાવી મેક પેમેન્ટ કલીક કરાવી એસ.બી.આઈ. અને એચ.ડી.એફ.સી. બેંકના એકાઉન્ટ માંથી રૂા.૩,૪૬,૯૯૯/- ખાતામાં ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરી ગુન્હો કર્યાની ફરિયાદ નોધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર આર્શીવાદ સોસાયટીમાં રહતો જીતેન્દ્રભાઈ જેઠાલાલ મહેતાના મોબાઈલ ફોન ઉપર ફો.નં.૮૯૮૭૭૮૧૨૯૦, ૯૬૪૧૬૧૨૮૦૯ આરોપીએ ફોન ઉપર લાઈટ બીલ ભરાયું નથી. તેવા મેસેજ કર્યો હતો અને જીતેન્દ્રભાઈ પાસ લાઈટ બીલ ભરવા માટે ટીમ વ્યુ એપ્લીકેશન ડાઉનલોડ કરાવી હતી અને ફરીયાદીને વિશ્વાસમાં લઈ દશ થી અગિયાર વખત વારંવાર ટીમ વ્યુ એપ્લીકેશન ઓપન કરાવી અને મેક પેમેન્ટ ઉપર કલીક કરાવ્યું હતું અને જીતેન્દ્રભાઈ મહેતાના સ્ટેટ બેંક અને એચ.ડી.એફ.સી. બેંકના ખાતા માંથી કુલ ૩,૪૬,૯૯૯/-રૂપીયા બીજા અન્ય ખાતામાં ટ્રાન્સફર કરાવી વિશ્વાસમાંઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

## પાવાગઢ ખાતે ચૈત્રી પૂનમે માતાજીના દર્શન માટે માઈભકતોનું ઘોડાપુર

પાવાગઢ,

પાવાગઢ ખાતે ચૈત્રી પૂનમે વહેલી સવાર થી મહાકાળી માતાજીના દર્શન માટે લાઈનો લાગી માતાજીના દર્શન કરતાં માઈભકતો જોવા મળ્યા. ચૈત્રી પૂનમના દિવસે આજે વહેલી સવારથી શકિતપીઠ પાવાગઢ ખાતે માઈભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. વહેલી સવારથી માતાજીના દર્શન માટે શ્રદ્ધાળુઓ લાઈનમાં લાગ્યા હતા. પૂનમના દિવસે શકિતપીઠ ખાતે માતાજીના દર્શનનું આગવું મહત્વ હોવાથી દર્શનાર્થીઓનું ઘોડાપુર ઉમટી પડયું હતું.

## વેજલપુર કેન્દ્રીય બગાયત કેન્દ્રના રીસેપ્શન હોલમાં આગ લાગતાં ૭ લાખનું નુકશાન

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્રના રીસેપ્શન હોલમાં આગ લાગતાં ૬ થી ૭ લાખ રૂપીયાનું નુકશાન થતાં વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર કેન્દ્રીય બાગાયત સંશોધન કેન્દ્રમાં આવેલ રીસેપ્શન હોલમાં ૩ એપ્રિલના રોજ કોઈ કારણોસર આગ લાગી હતી. આગ લાગવાથી હોલમાં લાગેલ એરકંડીશન મશીન નંગ-૨, ટીવી-૧, દિવાલ પંખા, સોફાસેટ, ડોરીટેબલ, એલઈડી સીલીગ લાઈટ, એલ્યુમીનીયમ સેકશન, વુડન, ગ્રેનાઈટ ફલોરીંગ બળી જવાથી અંદાજીત ૬ થી ૭ લાખ રૂપીયાનું નુકશાન થયેલ આ બાબતે વેજલપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.